

Rs.5/-
Shree Swaminarayan (Gujarati Monthaly)

# શ્રી સ્વામિનારાયણ

માસિક
પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૦૨ ● મે ૨૦૨૪
Volume no. 18, Issue No. 202 May 2024

## રામનવમી
## શ્રીહરિ જયંતી સમૈયો

પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧
Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001











# અંજાર (કચ્છ)નૂતન મંદિરમાં રાધાકૃષ્ણદેવના પ્રતિષ્ઠા મહોત્સવની તસવીરો



# શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર



વર્ષ - ૧૭ (મૂળ વર્ષ ૫૭) ● સળંગ અંક : ૨૦૨ ● મે-૨૦૨૪

## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | ૧૦૮ અને ૧૦૦૮ | ૦૬ |
| ૦૪. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી આશીર્વચન | ૦૭ |
| ૦૫. | સંપત્તિ - દાન, ભોગ અને નાશ | ૧૨ |
| ૦૬. | નિંદાનું ફળ | ૧૩ |
| ૦૭. | ભગવદ્-નિષ્ઠા અનિવાર્ય | ૧૪ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૯ |
| ૦૯. | ભક્તિસુધા | ૨૦ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૨૪ |





સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# અસ્મદીયમ્

વ્હાલા હરિભક્તો, આપણે બધા સત્સંગી છીએ રોજ શિક્ષાપત્રી-વચનામૃત વાંચીએ છીએ. તમને એમ થાય કે આપણે કેવા સારા ભક્ત છીએ. કેટલી વખત શિક્ષાપત્રી વાંચી ગયા, કેટલા વચનામૃત મોઢે આવડે છે. પણ એકલું વાંચવું મહત્વનું નથી, અગત્યનું નથી, વાંચીને વિચારવાનું, વિચારવું મહત્વનું છે. વિચારીને જિંદગીમાં શું અપનાવવું અને શું છોડી દેવું એ મહત્વનું છે.

મહારાજની કેટલી આજ્ઞાનું આપણે પાલન કરીએ છીએ તેનો વિચાર કરવાનો છે. આજ્ઞાઓનું સ્હેજે સ્હેજે પાલન થાય એવું બનવું જોઈએ. મહારાજની આજ્ઞા પાળવાનો ખટકો રહે તો સમજવું કે આપણા જીવનમાં મહારાજનું મહત્વ કેટલુ છે. મહારાજનું માહાત્મ્ય કેટલું સમજ્યા છીએ, વાતો કરતાં તો મને ને તમને બહુ આવડે, પણ વર્તનમાં હોવું એ મહત્વનું છે. વર્તનમાં આવે તો જ સમજવું કે આપણે જીવનમાં મહારાજનું મહત્વ કેટલુ છે અને સંસારનું મહત્વ કેટલું છે.

શ્રીજી મહારાજની આપણા ઉપર કેટલી કૃપા છે. ખબર છે ? ક્ષણે ક્ષણે આપણી રક્ષા કરે છે. બાકી નથી આપણા હાથમાં જન્મવાનું કે મૃત્યુ પણ આપણી મરજીથી નથી આવવાનું, પણ આપણે મારું મારું કરીને મરી જઈએ છીએ. આ બંગલો બનાવ્યો, આટલી મિલ્કત કરી, મેં શૂન્યમાંથી સર્જન કરી આટલું ભેગુ કર્યુ છે. પણ ! બધું જે અહીંયા છોડીને જ જવાનું નક્કી છે. હું ને મારું, કશું સાથે આવવાનું નથી, પણ મમત્વ છૂટતું નથી.

નાના બાળકને તમે મીઠાઈ કે રમકડું આપ્યા પછી તમે જ માગશો તો કહેશે નહી આપું, આ તો મારું છે. આપણે પણ એવું જ કરીએ છીએ. બધું જ દેવનું દીધેલ છે, છતાં શિક્ષાપત્રી પ્રમાણે દેવનો ધર્માદો આપવાનો હોય તો આપણે કહીએ છીએ કે આ તો મેં ભેગુ કર્યું છે. દેવને શાનું આપું ? આ જીવનો સ્વભાવ છે. પણ ભાઈ, આપણું કશું જ નથી, બધું જ દેવનું છે તારે પણ ! ક્યારે જવાનું ખબર છે ? દેવના હાથમાં છે. આપણે નિમિત્ત માત્ર છીએ, ભાઈ ! દેવના થઈને રહેવાનું છે. બધું જ એનું છે. મારું કાંઈ નથી. (એમ ખાલી બોલવાનું નહિ, અમલ પણ થવો જોઈએ. ભલે ત્યારે જયશ્રી સ્વામિનારાયણ !

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના
જયશ્રી સ્વામિનારાયણ



## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (એપ્રિલ-૨૦૨૪)



૧ શ્રી સ્વામિનારાયણ મંદિર નટવરગઢ (મૂળી પ્રદેશ) વિશાબ્દી (૨૦મો પાટોત્સવ) મહોત્સવ પ્રસંગે પધરામણી.

૨ શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર ૧૯૮ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી. દેવ સરોવરના આધુનિકરણ નવીનીકરણનું ખાત મુહૂર્ત પોતાના વરદ્ હસ્તે થયું.

૩ કાશીન્દ્રા ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૬ અલીણા ગામે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર (તા. કપડવંજ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૭-૮ શ્રી સ્વામિનારાયણ મંદિર કોટા (રાજ.) પ્રથમ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૯-૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર અંજાર (કચ્છ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૭ શ્રી રામનવમી શ્રીહરિ જયંતી સમૈયા પ્રસંગે અક્ષરભુવનમાં બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે ષોડશોપચાર અભિષેક, ૧૨ કલાકની અખંડ ધૂનના પ્રારંભ પ્રસંગે પધરામણી.

૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર છત્રીયાળા (મૂળી પ્રદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર એકાદશીના દર્શનાર્થે પધરામણી.

૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમની સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૨૯-૩૦ ભુજ-કચ્છ, વેકરા-કચ્છ અને સુરજપર-કચ્છ પધરામણી.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (એપ્રિલ-૨૦૨૪)

૨ ઓસ્ટ્રેલીયા સત્સંગ પ્રચાર કરી સ્વદેશ પધરામણી.

૭ શ્રી સ્વામિનારાયણ મંદિર કોઠંબા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૮ શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર મહાપૂજા પ્રસંગે પધરામણી.

૧૦-૧૧, ૧૩-૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર અંજાર (કચ્છ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૭ શ્રી રામનવમી શ્રીહરિ જયંતી સમૈયા પ્રસંગે આયોજીત કીર્તન ભક્તિ અને રાત્રે ૧૦-૧૦ શ્રીહરિ પ્રાગટ્યોત્સવ પ્રસંગની આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ કથા પ્રસંગે પધરામણી.

૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમની સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૨૭ શ્રી સ્વામિનારાયણ મંદિર ધરમપુર (ખાખરીયા) કથા પ્રસંગે પધરામણી.

# ૧૦૮ અને ૧૦૦૮

- સાધુ પુરૂષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

૧૦૮ મણકા સંપૂર્ણ બ્રહ્માંડની રચનાના દ્યોતક છે તમામ ધર્મો, સંપ્રદાયો, પંથો, અખાડાઓ, વિશ્વના તમામ દેશોના જાત જાતના ધાર્મિક વિચારધારાઓની ગણનામાં એક સામ્યતા છે.

આપણા ભારતીય સનાતન ભૂગોળ વિજ્ઞાનમાં ૧૦૮નો અંક ખૂબજ જાણીતો છે. જપ, તપ, પાઠ, પઠન, પુરશ્ચરણમાં ૧૦૮ ની ગણના આપણા ઋષિ મુનિઓએ પ્રવર્તાવી છે. તેમાં માળાના મણકા ૧૦૮ થી લઈને ઉપનિષદોની સંખ્યા સુધી તેમાં પ્રત્યક્ષ અથવા સૂક્ષ્મ રૂપે ૧૦૮ ગણના સિધ્ધ થતી દેખાય છે. ૧૦૮ નો અંકનું વિજ્ઞાન અનેક રીતે જોવા મળે છે. તેમાં સૌથી વધુ કારણ તો બ્રહ્માંડના કુલ સાત ઓરબીટ એટલે કે આવરણ. તેનો સરવાળો જોડાયેલો છે. તેમાં રચના જોઈએ તો **સૂર્યની ફરતા નવ ગ્રહ** -સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, કેતુ, રાહુ. ત્યાર પછી તેની ફરતી બાર રાશીઓના આવરણ છે. **રાશી** - મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધનુ, મકર, કુંભ, મીન. ત્યાર પછી તેની ફરતા બાર **આદિત્યના** આવરણ આવેલા છે. જે - વિવસ્વાન, આર્યમાન, ત્વલ્ટા, સવિત્ર, ભગ, ધાતા, મિત્ર, વરુણ, અમ્સા, પૂષન, ઈન્દ્ર, વિષ્ણુ. ત્યાર પછી તેની ફરતા અગીયાર **રુદ્ર**ના આવરણ આવેલા છે. જે, કાપાલી, પિંગલ, ભીમ, વીરુપાક્ષ, વિલોહતિ, શાસ્તા, અજપાદ, અર્હષુન્ય, શંભુ, ચંડ, ભવ. ત્યારબાદ તેમની ફરતા **નક્ષત્રો**ના આવરણ આવેલા છે. જે - અશ્વિની, ભરણી, પુષ્ય, આશ્લેષા, મઘા, ઉત્તરા ફાલ્ગુની, સ્વાતિ, જ્યેષ્ઠા, મૂલ, પૂર્વષાઢા, ઉત્તરષાઢા, શ્રવણ, પૂર્વાભાદ્રપદ, અભિજીત, કૃતિકા, રોહીણી, મૃગશીર્ષ, આર્દ્રા, પુર્નવસુ, પૂર્વફાલ્ગુની, હસ્ત, ચિત્રા, વિશાખા, અનુરાધા, ધનિષ્ઠા, શતભિષા, ઉત્તરાભાદ્રપદ અને રેવતીના આવરણ આવેલા છે. ત્યાર પછી **૨૮ નિહારીકાઓ**ના આવરણ આવેલા છે. જે - આકાશગંગાના રૂપે તારાઓના રુપે વાદળોના રૂપે હોય છે. ત્યારબાદ **આઠ વસ્તુઓ**ના આવરણ આવેલા છે. જેવા કે, ધર, ધ્રુવ, સોમ, આપ, અનલ, અનિલ, પ્રત્યૂષ, પ્રભાસ આવેલા છે. સરવાળો કરીએ તો ૯ + ૧૨ + ૧૨ + ૧૧ +૨૮ ૨૮ + ૮ કુલ અંક ૧૦૮ થવા જાય છે. આખા બ્રહ્માંડની પરિકલ્પનાઓમાં ઉપરોક્ત શક્તિઓ વડે સંચાલન થાય છે. તદુપરાંત ૧૦૮ ના અંક અન્ય ઘણા કારણોથી જોડાયેલ છે. જેવા કે, ધરતીથી સૂર્યની લંબાઈ સૂર્યના લંબાઈથી ૧૦૮ ઘણી દૂર આવેલી છે. અને ધરતીથી ચંદ્રની લંબાઈ ચંદ્રગ્રહની કુલ લંબાઈ થી ૧૦૮ ઘણી આવેલી છે એટલે કે જેટલા ગ્રહની મોટાઈ તેટલી ૧૦૮ ઘણી ધરતીથી દૂરી. તદુપરાંત માણસના શરીરમાં કુલ ૧૦૮ ચક્ર એટલે મર્મ પોઈન્ટ કેન્દ્રબિંદુ આવેલા છે. જે એક્યુપ્રેસર વિજ્ઞાન વડે તે તે પોઈન્ટને દબાવીને જાત જાતના દર્દોની સારવાર કરવામાં આવે છે. તદુપરાંત સંસ્કૃત ભાષામાં ૫૪ અક્ષર છે તેના દરેકના બે બે પાદ આવેલા છે. એક પુરુષ અને સ્ત્રી તેનો સરવાળો કરીએ તો ૧૦૮ સંખ્યા બને છે. ૧૦૮ શક્તિઓ વિભૂતિયો નો મૃત્યુલોકના માણસના શરીર માનસ ઉપર સીધોજ સંબંધ ધરાવે છે. ૧૦૮ ની સ્થિતિ માણસના જીવનને પ્રભાવિત કરીને તેને લાભ, હાનિ, સુખ, દુઃખ, હરખ શોક, ઉદ્વેગમન, પત્તનનું કારણ બને છે. જેવી ૧૦૮ ની રચના બ્રહ્માંડમાં આવેલી છે. તેવી જ સુક્ષ્મ રુપે પ્રત્યેક માણસના શરીરમાં આવેલી છે બૌધ ધર્મમાં ૧૦૮ પગથીયાં ચડવાની પરંપરા પણ રહસ્ય સાથે જોડાયેલ છે.

હવે ૧૦૦૮ નો અંક કેવી રીતે બન્યો તેનું પણ વિજ્ઞાન જાણીએ. તો સમ્પૂર્ણ બ્રહ્માંડમાં કુલ ૯૦૦ (નવસો) લક્ષણ અને બ્રહ્માંડના ૧૦૮ આવરણ બેયનો સરવાળો કરીએ તો ૧૦૦૮ નો અંક બને છે. એટલે ભારતીય ધાર્મિક પરંપરામાં કોઈ પંથ સંપ્રદાયના આચાર્ય (અધ્યક્ષશ્રી) ને ૧૦૦૮ ની પદવી આપવામાં આવે છે. આજે પણ કુંભ મેળામાં એવા યોગ્ય સંપ્રદાયના આચાર્યોને અખિલ ભારતીય અખાડા પરિષદ વડે ૧૦૦૮ ની પદવી એનાયત કરવામાં આવે છે. આપણા સંપ્રદાયના પૂર્વાચાર્ય પ.પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને ૧૦૦૮ નું પદ આપવામાં આવેલ છે તેથી પરંપરામાં જે ગાદીપતિ હોય તેની આગળ ૧૦૦૮ નો અંક લખીએ છીએ તે કોઈ માત્ર કલ્પના નથી પણ શાસ્ત્ર સમંત વિશેષણ લખવામાં આવે છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા મંદિર દૈનિક દર્શન તથા મંદિરમાં થતા પોગ્રામ માટે સંપર્ક : ૭૦૪૬૭૧૨૦૦૦**

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી આશીર્વચન

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

**અંજાર નૂતન મંદિર મહોત્સવ (પ.પૂ. મોટા મહારાજશ્રીના ૮૦ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે) તા. ૧૧-૪-૨૪ :** એક આચાર્ય તરીકે નહિ પણ દીકરા તરીકે હું આજે વાત કરી શકું છું. ૮૦ વર્ષ તો ઠીક પણ ૮૦ ક્ષણો પણ કોઈની અને બાપજીની કેવી નીકળે છે એ નાનપણથી જોડે રહ્યા હોઈએ એટલે ખ્યાલ આવે છે. આજે ઘણા લોકો મારી વાત કરતા હોય તેઓને Seriously કહું છું, જે કંઈ થોડું ઘણું પણ અમારા બન્નેમાં (પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી) આ દેવ પ્રત્યેની નિષ્ઠા અને સિધ્ધાંત જે આવ્યા હોય એનું કારણ આમનો (પ.પૂ. મોટા મહારાજશ્રીનો) આશરો છે. હકીકતમાં કહું છું. આજે બાપુજી, વાસુદેવપ્રસાદજી દાદા બધા આચાર્યની વાતો, સંપ્રદાયમાં વડીલ સંતો અને હરિભક્તોની વાતો, બેઠા હોઈએ ત્યારે સાંભળીએ અને એ જે મળે છે એને અહીંયા (હૈયામાં) સાચવીને રાખું છું. આ મારી ધરોહર છે. **જે પણ કંઈ શીખ્યો છું, એકેય વસ્તુ શાસ્ત્રમાંથી શીખ્યો નથી. બાપજીનું જીવન જોઈને શીખ્યો છું. પછી શાસ્ત્ર ભલે આવ્યા હોય. કારણ કે માર્ગદર્શન માટે વડીલનો આશરો જોઈએ, જોઈએ ને જોઈએ જ ! ત્યાં સુધી કહું છું, તેમાં જરાય અતિશયોક્તિ નથી કે આખોય સંપ્રદાય એમાં ૩૬૦ ડિગ્રી ટર્ન આવ્યો હોય તો એની પાછળનું કારણ મારો બાપ છે. (પ.પૂ. મોટા મહારાજશ્રી) ભગવાન તો છે. છે ને છે જ પણ એ ભગવાનની ઓળખાણ ક્યાંથી થઈ તો અહીંથી (પ.પૂ. મોટા મહારાજશ્રી)થી ઓળખાણ મળી છે. નિષ્ઠા થઈ છે.** ઘણા કહેતા હોય છે કે હું કડક છું, સિધ્ધાંતમાં જતું નથી કરતો તો એના માટે મેં અમદાવાદ કહેલું કે જેવો રૂપિયો હોય એવું પરચૂરણ નીકળે. **બાપજીએ જે સંસ્કાર આપ્યા છે એનાથી અમારું, આપણા બધાનું અસ્તિત્વ છે.**

૧૯૮૧ માં દ્વિશતાબ્દી અને એ પહેલાના બે વર્ષ એટલે ૧૯૭૯ થી લઈને જે ગામડા ફરવાનું શરૂ થયું, તમે જુઓ. **૧૯૮૦ પછી આખા સંપ્રદાયમાં પ્રગતિનો ગ્રાફ આમ સીધો ઉંચો ને ઉંચો ગયો છે. ગમે તે શાખા હોય, ચાહે મૂળ સંપ્રદાય હોય કે આજુ બાજુ વાળા હોય પણ સરવાળે જાગૃતિ આવી હોય તો એનું કારણ બાપજી ગામડે ગામડે ફર્યા છે. શબ્દોમાં વર્ણવવું બહુ અઘરું છે. બાપજી ઘણીવાર કહેતા, જે હું મારા શબ્દોમાં કહું છું કે આચાર્ય માટે ગૃહસ્થાશ્રમ, ત્યાગાશ્રમ, સંપ્રદાયને સાચવવો, પાછું પોતાને હખણા રહેવું, આ બધી વસ્તુનું બેલેન્સ રાખવુ એનું માર્ગદર્શન ક્યાંય કોઈ શાસ્ત્ર આપી શકતું નથી. જગતમાં પ્રસિદ્ધ છે અને શાસ્ત્રમાં લખેલુ છે, ગમે તે માણસે ગુરુ અવશ્ય કરવા પડે છે. મહારાજે પણ ગુરુ કર્યા છે. જૂના જૂના શાસ્ત્રો જોઈએ તો ગુરુ વગર કોઈ પણ સ્થિતિ પ્રાપ્ત થતી નથી. ગુરુ માર્ગદર્શક છે. દ્રષ્ટા છે, જે તમને દર્શન કરાવી શકે છે. માર્ગ ચીંધી શકે છે, સિદ્ધાંત અને પરંપરા ચીંધી શકે છે. ગર્વ છે કે એવા પુરુષનો આશરો મને, લાલજી મહારાજશ્રીને અને આપણને બધાને મળ્યો છે.**

ભગવાનની અસીમ કૃપા છે, કરૂણા છે અને સંતોનું હેત છે, લાગણી છે. **આજે દેવના થઈને રહેતા જો આવડ્યું હોય અને આ પાઘ નરનારાયણદેવ આગળ અને અહીંયા (પ.પૂ. મોટા મહારાજશ્રી આગળ) ઉતરે છે, બીજે ક્યાંય ઉતરતી નથી એ જે આવડ્યું હોય તેનું કારણ આ (પ.પૂ. મોટા મહારાજશ્રી) છે.** એમણે મને ક્યારેય કીધું નથી, કોઈ દિવસ મને રોક્યો નથી, ટોક્યો નથી. પણ વાસ્તવિકતા એ છે કે Observation કરીને, એમનું જીવન જોઈને શીખ્યો છું. **૮૦ વર્ષ સાઈડમાં રહ્યા, ૮૦ કલાક એમનું કે અમારું જીવન જીવી લો તો હું પાઘ આપી દઉં ચાલો. બહુ અઘરું છે અને એ બધી સમજણ બાપજીએ અમને આપી છે કે તમે એ તમે નથી. તમે ભગવાનના છો.**

વચનામૃતમાં અયોધ્યાપ્રસાદજી દાદાએ પ્રશ્ન કર્યો છે કે સંપ્રદાયમાં આચાર્ય તરીકે મોટપ કોણ પામશે ? આગળ કોણ વધશે ? ભગવાનની પ્રાપ્તિ કેવી રીતે થશે ? મારા શબ્દોમાં કહું તો **આચાર્યને ગૃહસ્થાશ્રમ સાચવવો, આ સત્સંગ તથા સંતો હરિભક્તોને સાચવવા, બે ફોન ન ઉપાડ્યા હોય તો ગાળો ખાવી આ બધુ કેવી રીતે થશે ? ત્યારે મહારાજે એક વાક્યમાં ઉત્તર કર્યો છે જે સહન કરશે ને એ મોટો થશે. આ બહુ મોટી વાત છે.** વાત કરવાનો કોઈ Meaning નથી કેમ કે શબ્દોથી એ વર્ણવી ન શકાય.

**આખા સંપ્રદાયના માવિતર તરીકે ઉત્તર વિભાગ, દક્ષિણ વિભાગ અને જે પરચૂરણ આવતું હોય એ દરેક જગ્યાએ જ્યાં પણ ઉર્ધ્વગતિ થઈ હોય એની પાછળનું કારણ બાપજી છે. એ તો હું લખીને આપુ દઉં.**

**શરૂઆત એમનાથી થઈ છે.** ધર્મનંદન સ્વામી અને વડીલ સંતો એના સાક્ષી છે. આપણી આ ચોવીસીમાં કેવી પરિસ્થિતિ હતી, કેવી રીતે જીવન જીવતા હતા ? માથા ઉપર રૂમાલ બાંધીને હું બાપજી સાથે આવતો હતો, ૮ - ૧૦ કલાકે ભચાઉ પહોંચીને નાળિયેરનું પાણી પીતા હતા. એ.સી. ગાડીઓ નહોતી. સંઘર્ષ બધો જે કર્યો છે એ વાત થાય એમ નથી, નહી તો રોદડા રોતા હોઈએ એવું લાગે ! **પણ ગર્વ છે કે આજે મને આવા બાપ (પ.પૂ. મોટા મહારાજશ્રી) મળ્યા છે. નરનારાયણદેવ મળ્યા છે એટલે જ છાતી ફાડીને ચાલુ છું અને ચાલીશ.** આવો બાપ મળ્યો પરિવાર મળ્યો, દીકરા-દીકરીઓ, ગાદીવાળાનું અને બહેનોનું બહુ મોટુ યોગદાન છે. આચાર્ય પત્ની થવું એ કંઈ સહેલી વાત છે ? અઘરુ છે. સંતો હૂંફ આપે છે, જોક્સ કરી જાય. આ દેવપ્રકાશ સ્વામી, દેવચરણ સ્વામી અને વળી આ કૃષ્ણસ્વરૂપ સ્વામી સરસ સરસ વાતો કરે. સનાતન સ્વામીથી લઈને ધર્મનંદન સ્વામીથી લઈને બીજા દરેક સંતો, અમદાવાદના મહંત પી.પી. સ્વામી છે, મોટા પી.પી. સ્વામી છે, બધા સંતોની અને હરિભક્તોની આવી હૂંફ છે એટલે આ કાર્ય સિધ્ધ થાય છે.

**સંતો અને હરિભક્તો ગૂંથાઈને રહ્યા છો અને રહેવાનું છે. આપણે બધા છૂટા પડ્યા તો મરી ગયા સમજજો. આ વાસ્તવિકતા છે.** બાકી મજા કરો, જલ્સા કરો, લાડવા ખાવ. બાપજીએ લાડવા ખવડાવ્યા. હું તો ખાતો નથી પણ આજે ખાધો. ૮૦ કિલો લાડવાની કેક બનાવી છે. કોલેસ્ટીરોલનું ધ્યાન રાખજો, માપે માપે ખાજો. આ કણબીને તો કોલેસ્ટીરોલ, બ્લેડ પ્રેશર, ગુડા અને કેડો વારસાગત મળે છે. આ બધુ સાચવવું પડે.

દેવપ્રકાશ સ્વામીનો ફોન આવ્યો, મહંત સ્વામી અને જાદવજી ભગતે બાપજીનો બર્થડે ઉજવવા વિનંતી કરી. બાપજીએ તો ના પાડી દીધી, નથી કરવું. મેં કહ્યું, કરો ને ભઈ સાબ ! હરિભક્તો રાજી થાય. આજે આપણે કોઈને શું આપી શકવાના છીએ ? એક હજાર કરોડનો ઢગલો કર્યો હોય, ઉપર લઈને જશો ?

**હું કાયમ કહું છું. દિવાલમાં ટીંગાયા કરતા હૈયામાં ટીંગાવુ સારુ.** આ કેમેરાવાળા ભેગુ કરે છે પણ **આંખોથી જોઈ અને ખાલી ફોટા ભેગા કર્યા કરવા તેના કરતા દ્રષ્ટિથી જોઈ હૃદયમાં રાખશો તો જીંદગી સાર્થક થશે. આ વાસ્તવિકતા છે.** કેમેરા વાળા તમે તમારું કામ કરજો, હું વિરોધ નથી કરતો પણ **ક્ષણને પકડવી પડે છે. જે ક્ષણ જતી રહેશે એ પાછી આવશે નહી.** જીંદગીમાં જેટલું મળ્યુ છે તેનું અહોપણું રાખીએ. મહારાજે આપણને પાત્રતા કરતા વધારે આપ્યુ છે. મહારાજ કેટલા દયાળુ છે. આ ગાદી તકિયા ગાલ મશુરીયા અને ગાડી એ બધુ ભગવાન થકી છે એનો વિચાર કરવો. તમારા ઉત્સાહ અને ઉમંગથી આનંદ થયો. અને બાપજીએ હા પાડી અને ટાઈમ આપ્યો એટલે બાપજીને Thanks. બાપજીને જોર જબરદસ્તી કરાય એવું નથી. હું જ ન કરું. ક્યારેક મારા પર ઢોળી દે કે પૂછી લેજો એમને. **સમય સૂચકતા, ઉંમર Observation આ બધાનું મિશ્રણ કરી Genius (બુદ્ધિ શક્તિ) નીકળે એ પૈકીના તેઓ છે. તોફાની પણ હજુય એટલા જ છે. ભેગા રહો તો ખબર પડે.** એટલે પરચૂરણ પણ હેઠે એવું જ આવે અને આવશે. વધે ખરું પણ ઘટે નહી.

પ્રાર્થના કરીએ, બીજું તો કંઈ નહી પણ **આવો ને આવો આશરો દેવનો અને આમનો મોટા પુરુષનો વ્યક્તિગત રીતે મારા જીવનમાં વધારેમાં વધારે સમય બની રહે કે જેથી બળ મળે છે. શક્તિ મળે છે. જીવનનો અર્થ મળે છે, જીવનને Meaning (ભાવાર્થ) મળે છે.** તેઓનું સ્વાસ્થ્ય સારુ છે. અને સારુ રહેશે. Happy છે અને ભગવાન Happy રાખે. હરિભક્તોને ઘણા ઘણા અભિનંદન. આ ઉત્સવમાં તમે આવ્યા છો અને બીજા ઉત્સવમાં આવશો. આ આપણો પરિવાર છે એ રીતે રહેવાનું છે. જય સ્વામિનારાયણ (અત્રે ઉલ્લેખનીય છે કે પ.પૂ. મોટા મહારાજશ્રીના આ જન્મોત્સવ પ્રસંગે તેઓશ્રીને હરિભક્તોએ હાર વગેરે જે કંઈ ભેટ અર્પણ કરી તે તમામ ભેટ તેઓશ્રીએ તુરત જ છપૈયા શ્રી ઘનશ્યામ મહારાજને અર્પણ કરી દીધી હતી).

**તા. ૧૧-૪-૨૪ :** અંજાર માટે આજે એક જૂદો ઈતિહાસ રચાયો છે. ઘનશ્યામ મહારાજની સાથે સાથે રાધાકૃષ્ણદેવ બિરાજમાન થયા છે. આ વિસ્તારના હરિભક્તોના અતિ ભાગ્ય છે કે મોટાથી મોટાથી મોટું મંદિર ભૂજ મંદિરના નેજા નીચે આવું સરસ રૂડું રૂપાળુ થયું. આનંદની વાત છે. ગામો ગામના બધા હરિભક્તો એકત્રિત થયા છે. બધાને હાર પહેરાવ્યા પણ અંગત રીતે હૃદયપૂર્વક હું એને હાર પહેરાવુ છું કે જેઓ છેટે છેટે બધા બેઠા છે. તપસ્વીઓ અને રસોડામાં જેઓ કામ કરે છે. આપણને પંખો મળી રહે છે કુરજીભાઈ ! અમને તો એ.સી. પણ મળ્યુ છે. ટાઢ લાગી એટલે બંધ કરાવ્યું. પણ મોટી વાત એ છે કે

જેઓ કામ કરે છે તે સહેલુ નથી. આટલા આટલા દિવસો સુધી બધુ મૂકીને ભગવાનને અર્થે આ સંતોએ અને આગેવાન હરિભક્તોએ, સમિતિના સભ્યોએ તેમજ દિવસ રાત દોડીને સ્વયં સેવકોએ સેવા કરી છે. ફટાકડા હોય કે ડેકોરેશન હોય, આપણે જોઈને રાજી થઈએ છીએ પણ એની પાછળ કેટલું આયોજન થયેલુ હોય છે. દરેકને અનેકાનેક ધન્યવાદ. મહારાજને પ્રાર્થના કરીએ કે સંતો-હરિભક્તો દરેકને ખૂબ આશીર્વાદ આપે.

સવારે સરસ અભિષેકના, દેવના, અન્નકૂટના દર્શન થયા. મહંત સ્વામીએ બહુ સરસ સિદ્ધાંતની વાત કરી છે. મહંત સ્વામીને ૯૦ વર્ષ થયા પણ આજે તેઓ સિદ્ધાંતમાં પરંપરામાં અચળ છે. પકડીને બેઠા છે અને એટલા માટે અડધી રાત્રે કામ હોય તો હું બેઠો છું. **ભૂજ મંદિર તમારું નથી, મારુ છે કેમ કે સિંહાસનમાં બેઠો છે. એ મારો બાપ છે. તમે પૂજા કરી છો એ મારો બાપ છે અને જે ભગવાનના છે એના માટે હું બેઠો છું. જાગુ જ છું, ઉંઘતોય નથી.** આજે અફકોર્સ મહંત સ્વામીની ઉંમરને કારણે શરીર શરીરનું કામ કરે છે પણ મહંત સ્વામીને મેં કહ્યું છે. હું તમારી બાજુમાં ઉભો છું દેવ માટે. કારણ કે તમે દેવના છો. એ હૂંફ તમારે પણ આપવાની છે. દુનિયા જેટલી મોટી થાય એટલી દુનિયામાં તેની માયાજાળ પહોળી થાય. મેનેજમેન્ટ અને માઈક્રોમેનેજમેન્ટ મોટુ થાય. Detailing (ઝીણી વિગત) વધી જાય અને સમયાંતરે અપગ્રેડેશન જોઈતું હોય છે. હનુમાનજી મોટા થાય એટલે પૂંછડીય મોટી થાય, ખાલી હનુમાનજી મોટા ન થાય.

મારા વડીલમાં વડીલ ફ્રેન્ડ હોય તો મહંત સ્વામી છે. તમારામાંથી કોઈ એને હસાવી નહી શકો પણ મારી જોડે પ્રેમથી હસે છે. દિલ ખોલીને ખેલેરા. તેઓ પરંપરા જાણે છે. ધર્મજીવન સ્વામીની પરંપરા અને એના ગુરુની પરંપરા જાણે છે. ધર્મપ્રિય સ્વામી અને મોરલી મનોહર સ્વામી જોડે રહેલા છે. અને હું **તો બધામાંથી ગુણ લઉ છું. બધામાંથી શીખું છું. છોકરો હોય કે વડીલ હોય જ્યાંથી ગુણ મળે ત્યાંથી હું ગુણ લઉં છું. મહારાજ ગુણગ્રાહી છે અને આપણને ગુણગ્રાહી થવાનું શીખવ્યુ છે.** આ આપણે અહી બેઠા છીએ બધામાં માત્ર ગુણને ગુણ જ ભર્યા છે ? દરેકમાં કોઈને કોઈ અવગુણ તો હોય ને, સ્વભાવ તો હોય ને ? મારામાં હોય, તમારામાં હોય પણ દરેકમાંથી લેવાના ગુણ હોય છે. આ સંપ્રદાય આપણો છે, મંદિર આપણું છે, પોતાનું જાણ્યા હોયતો પેટમાં દુઃખવું જોઈએ અને દુઃખે તો ચોખવટ ભરી વાત કરવી જોઈએ, ગોળ ગોળ નહી. પડદા પાછળ નાટક કરવાની આપણે જરૂર જ નથી ! ખુલ્લે ખુલ્લુ કહી દેવુ. વોટસઅપના ડબલા ફેરવવાથી કોઈ કામ નહી લાગે. સાયબર ક્રાઈમને ઉખાડીને લઈ આવશું.

એક Important (જરૂરી) વાત કહું છું. એક જ વાત કરીશ. બધાને સમજણ પડી જશે. મારી ગાડી ડિઝલ પૂરાવા ગઈ હતી. ગલ્લા પર કે ક્યાંક લઈ ગયા. Release (મુક્ત કરવું) કરી નાખ્યો ડ્રાઈવરને. કારણ શું? **મારી ગાડી એ મારી નથી. નરનારાયણદેવનો ચેક આપેલો છે. હું રહુ છું એ મકાન દેવનું છે, મારું નથી President House છે. મારા કપડા દેવના છે, લોહી દેવનું છે, શ્વાસ દેવના છે.** એટલે એ ગાડીનું જોડાણ મારી સાથે થાય. રવિભાઈની, ધનજીભાઈની, રામજી બાપા કે શિયાણી બાપાની ગાડી હોય તો માણસ એસોસિયેટ કરે કે આની ગાડી અહીં પડી છે. મારી ગાડી ગલ્લે પડી હોય તો શું થાય ? એસોસિયેટ મહારાજશ્રી સુધી જાય, ત્યાંથી અટકે નહી એ જાય પછી સંપ્રદાય સુધી અને છેલ્લે જાય પછી સ્વામિનારાયણ ભગવાન સુધી. એટલે પછી છૂટો થાય, પાછો ન આવે. એ માણસ. મહારાજે કીધુ ને કે કીડીયારાનો રોગ આંગળીયે થયો હોય તો એટલો ભાગ કાપી જ નાખવો પડે. આ બહુ સીધી Simple વાત છે. **સંપ્રદાયને લાંછન લાગે એવું કામ થતું હોય તો એને દૂર જ કરી દેવો પડે. ચોખ્ખી વાત કહું છું. એમાં શરમ ભરાય નહી.**

મેં મારી વાત કરી. ગઈકાલે એની એજ વાત હરિભક્તો સાથે કરી હતી કે **કોઈ તિલક ચાંદલો કરીને હાથમાં બીડી સિગારેટ લઈને ઉભો રહે તો એ તમે નથી ઉભા રહેતા, આપણા સંપ્રદાયને ઉભો રાખો છો.** એ પછી ચોવીસીના હોય કે અમદાવાદ બાજુના હોય કે વડતાલ બાજુના હોય કે પછી અન્ય ત્રાહિત પ્રાણીઓ હોય, ગમે તે માણસ હોય ભજીયાની લારી ઉપર ઉભો રહે તો એ સંપ્રદાયને ભજીયાની લારી પર ઉભો રાખે છે. એટલા માટે કહું છું કે, **આપણા પગલા ક્યાં પડે છે તેની દરેકને સભાનતા અને જવાબદારી હોવી જોઈએ.** આ અમારી વાત નથી, તમારી વાત નથી, આપણા બધાની વાત છે. સાચી વાત છે કે નહિ એ તમે ઘેર જઈને વિચારજો. આ મારું માનવું છે. આજ્ઞા નથી કરતો, સજેશન છે. હું જે માનુ છું તે કહું છું.

કંઠી પહેરી, મંત્ર લઈ ગયા. એનાથી પુરું થતું નથી. પછી થી જ બધુ શરૂ થાય છે. હવે તમારે હખણા રહેવું

પડશે. જવાબદારી બનશે કે ક્યાં પગ મૂકવો ? **તમારા એક એક પગલાનું અવલોકન દુનિયા કરશે એટલે વિચાર કરીને કંઠી પહેરવી, વિચાર કરીને મંત્ર લેવો.** એકે કંઠી પહેરી, આપણે પહેરી લો. એકે મંત્ર લીધો એટલે આપણે પણ લઈ લઈએ એવું નથી કરવાનું. એના કરતા ના લીધો હોય તો સારું. લાંછનરૂપ તો ન થવાય ! આપણા જીવનમાં અમુક વસ્તુ બહુ Serious હોય છે. મહારાજે શિક્ષાપત્રી માટે કહ્યું છે. દૈવી સંપદાવાળાને આપવી. આસુરી સંપદાવાળાને ન આપવી.વસ્તુ બહુ Important છે. શિયાણી બાપા હાચવજો. Serious note આપણા દરેક ઉપર બહુ મોટી જવાબદારી છે. **સંપ્રદાય મારો નથી કે તમારો નથી. સંપ્રદાય આપણો છે ને પાછો આપણો વ્યક્તિગત છે. વ્યક્તિગત નૈતિક જવાબદારી છે.** મહારાજશ્રીની જવાબદારી છે કે ધર્મનંદન સ્વામીની કે અમૂક સંતની જવાબદારી છે એમ કહી છૂટી જવાનું નથી. We have to stand આપણે ઉભા રહેવાનું છે.

**સાચી વાત માટે આપણે ગમે તેમ કરીને પણ સિદ્ધાંત મૂકવાનો નથી. પરંપરા મુકવાની નથી.** મને ગર્વ થાય છે મહંત સ્વામી માટે, એમણે જન્મ દિવસ માટે નથી કહ્યું, બીજુ કહ્યું છે. સંતોનો જન્મ દિવસ હોતો જ નથી. દીક્ષા લે એટલે દ્વૈત ગણાય છે. બ્રાહ્મણ જનોઈ ધારણ કરે એટલે દ્વૈત ગણાય છે, ત્યારથી એનો બીજો જન્મ ગણાય. મહંત સ્વામી તો વડીલ છે. બહુ કામ કર્યુ છે, મહેનત કરી છે, પરિશ્રમ કર્યો છે. કોઈને ઈર્ષ્યા થાય સંતોની, કાલ ઉઠીને કોક... આ તો લાઈન લાગશે. પછી બીજામાં ને આપણામાં ફેર શું પડશે ? મહંત સ્વામી ! ધન્યવાદ છે તમને Seriously ''આવું બીજી વાર કરશો નહી.'' એવું કોણ કહી શકે ? તેઓ મહારાજને જાણે છે. એટલા માટે તેઓએ મર્યાદાનું ઉલ્લંઘન નથી કર્યું. અને એટલે જ તેઓ મહંત છે.નહી તો આજે આપણે મહંત સ્વામીને બેસાડવા પડશે સિંહાસનમાં ! અને એ વાત મહંત સ્વામી માટે નથી કહેતો આ એક રૂપક છે. આટલો ફરક છે. મૂળ સંપ્રદાયમાં. આચાર્ય પદ હોય એ બરાબર છે. બાપજી માટે લાગણી હોય, આ તો ભેગો મેળ ખાઈ ગયો એને હુંફ આપવાની જવાબદારી મેં લીધી છે. તમે તમારી લેજો. **ભૂજ મંદિર ઉપર નરનારાયણદેવ દેશ ગાદી ઉપર આંચ આવે નહી એ જવાબદારી દરેક વ્યક્તિગત માણસની છે. સિદ્ધાંત માટે ઉભા રહેવાની વાત છે. સિધ્ધાંત ને પરંપરા જળવાશે તો મહારાજ રાજી થશે. આ મહારાજનું વચન છે.**

શિક્ષાપત્રીમાં આજ્ઞાઓ કરી છે. સત્સંગિજીવન ધર્મશાસ્ત્ર છે. વાંચો તો ભૂકા બોલી જાય ! ખોલીએ તો આમાંથી ૯૯% કંઠી આપીને જતા રહે એવા છે. એટલા માટે જ પોથી બાંધીને રાખે છે શ્રીજી સ્વામી ! ગમે તે પાનું ફેરવીને જોજો. ખોલે તો તમે નહી, અમે જ જતા રહીએ મનજીભાઈ ! હું તમારા વખાણ કરું, તમે અમારા વખાણ કરો. દુનિયા આમ જ ચાલે છે. આ નથી ચલાવવું આપણે. હારતોરા બહુ થયા, શોભાયાત્રા બહુ થઈ. હવે બંધ થઈ ગઈ. હવે વરઘોડા નીકળે છે. **હવે આપણે ભગવાનનું કામ કરવાનો સમય આવ્યો છે. જેટલી આપણી શક્તિ છે. પછી એ પૈસાથી હોય, મેન પાવર હોય, મેનેજમેન્ટ હોય કે માઈક્રોમેનેજમેન્ટ હોય તેનો ઉપયોગ Positively (હકારાત્મક) થવો જોઈએ. સમયનો સદુપયોગ થવો જોઈએ.** વડીલ સંતો બેઠા છે, તેના માર્ગદર્શનથી યુવા સંતો કથા વાર્તા કરે. ગમે તે સેવા કરે. તેમાંથી સત્સંગ પોષણ થવું જોઈએ. **આપણે બધાએ આપણી શક્તિનો ઉપયોગ ભગવાનને જાણવા માટે કરવાનો છે.** અને એ કરીશું તો દીકરા-દીકરીઓ પણ કરશે. **માણસાઈનું કામ કરીશું તો દીકરા-દીકરીઓમાં માણસાઈ આવશે. માણસાઈ ઉપર જ આ સંપ્રદાય ઉભો થયો છે.** મહારાજે સીધી કંઠી કોઈને પહેરાવી નથી કે શિક્ષાપત્રી આપી નથી. કઈ સાલમાં શિક્ષાપત્રી લખી એ વાંચી લેજો. એ પહેલા મહારાજે કૂવા, વાવ ને તળાવ ખોદાવ્યા છે. કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય, દયા આણી રે, અતિ આકળા થાય... અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે, કરુણાદ્રષ્ટિ... રે, દેખી વાનજ વાળે... આ મહારાજ હતા, આ મહારાજ છે.

**આપણે આપણી તરફ જોવાનું છે. ભગવાનના દર્શન કરીને પછી પોતાના દર્શન કરવાના છે.** ઉપદેશ આપતો નથી. ભાષણ કરવાનું આવડતુ નથી. મનમાં આવે તે બોલુ છું. **સ્વભાવથી કોઈ પર નથી. વચનામૃતમાં શ્રીજી મહારાજનું વચન છે કે ''ભગવાનના ભક્તને પરસ્પર ઈર્ષ્યા ન કરવી.** ત્યારે આનંદાનંદ સ્વામી કહે ''હે મહારાજ! ઈર્ષ્યા તો રહે છે.'' ફુલ સ્ટોપ. આવા મોટા સંતો જેવું છે એવું સ્વીકારે છે અને આપણે કહીએ છીએ કે અખંડ મૂર્તિનું ધ્યાન થાય છે. બહુ સુખ આવે છે. જૂઠું શું કરવા બોલીએ છીએ આપણે ? માનો ને બાપા ! Transparency (પાર દર્શકતા) રાખો.

આપણે સૌએ લક્ષ એટલો રાખવાનો છે કે આ આપણી સંસ્થા છે તે કઈ રીતે આગળ આવે અને સંતો-હરિભક્તોને કઈ રીતે સુખસુવિધા આપી શકાય. આ એક

મેનેજમેન્ટનો ભાગ છે અને એ ભગવાનનું જ કામ છે. દેવનો મહિમા ઘટે નહી, ક્યાંય પણ આંચ આવે નહી. કોઈ પણ કામ ભગવાનનું હોય તેમાં આપણે સંતોને, ટ્રસ્ટીઓને કઈ રીતે સહયોગ આપી શકીએ છીએ એ જોવાનું છે. રામજી બાપા ! First Class કોટી પહેરીને રૂડા લાગો છો પણ હાર તોરા બંધ કરો હવે, ઓછા કરો. છેલ્લેથી રાખો એટલે પાછળ બેઠેલાને કોઈ દિવસ લાભ મળે. આ બહેનોને કોઈ દિવસ હાર પહેરાવતા નથી તોય પહેલા આવીને બેસે છે. આપણે ગામ ચર્ચામાં નીકળીએ છીએ. અહીંયા કદાચ બહેનોને પહેરામણી થતી હશે. પરંતુ અમારે ત્યાં તો બહેનોને પહેરામણી કોઈ નથી કરતું અને તોય વાજિંત્રવાળા આવે એ પહેલા બહેનો આવે છે અને આપણે ઈઝરાઈલની શું પોઝીશન છે તે ચેક કરવા ગામમાં ફરતા હોઈએ છીએ. દેવો માટે હાર તોરા બનાવતા હોય, મંદિરનું ફળિયું વાળીને સાફ સફાઈ કરતા હોય એને હારતોરા કરો. અમુક તો નામ બોલેને એમ થાય કે ભાગી જઉ અહીંથી ! **આપણી પ્રણાલિકા છે એ બરાબર છે પણ અમૂક યજમાનો પુરતું સિમિત હોય એમાં હું ના નથી કહેતો પણ અતિશયોક્તિ થાય એટલે લોકો કંટાળે છે. આ બહુ Strait to the point વાત છે.** છેલ્લે હારતોરા ચાલતા હોય ત્યારે મને ખબર છે કેટલા રહે છે. તમને પણ ખબર છે અમે જ બેઠા હોઈએ છીએ. મહારાજ વખતે ક્યાંય સાંભળવા મળે છે કે દાદા ખાચરના દરબારમાં સભા ભરાઈને બેઠી હતી. મહારાજે ગુલાબનો હાર પહેરયો હતો. મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ર પૂછ્યો ને પછી ફલાણા ગામના હરિભક્ત આવ્યા ને મહારાજે ઉભા થઈને એને હાર પહેરાવ્યો. આવું આવ્યું ક્યાંય ? આવતું જ નથી. ચરણાર્વિંદ રાજી થઈને ક્યાંક આપ્યા છે.

આપણે મૂળિયાએ પાછું જવું પડશે નહીં તો પછી આ ૧ કલાકને ૪૦ મિનિટ થાય જ ! ધનજીભાઈ ! મનમાં ને મનમાં હસી લો તમે પણ જો આજે સમયની કિંમત છે. બધુ મળશે, સમય નહી મળે. સમયનો ઉપયોગ થવો જોઈએ. ઘડિયાળનો કાંટો પાછો ફરતો નથી. સંસ્થાની, સંપ્રદાયની ઉન્નતિ તથા સમાજ ઉત્થાનના કાર્યો માટે સંપૂર્ણપણે ઉપયોગ થવો જોઈએ.

સરસ ઉત્સવ થયો છે. તમને મળીને અંતરથી આનંદ થયો. આજે તમારા ચહેરા પર સ્માઈલ જોઈને છ મહિના ચાર્જીંગમાં રહેવાય છે. હવે મારે અમદાવાદ જવાનું છે અને તમારે વરઘોડામાં જવાનું છે એ પહેલા મિષ્ટાન્ન પકવાન તૈયાર છે. જીંદગીમાં આનંદ છે. અહીંયા આવ્યા તમે, કેવું સુખ છે ! ઢીંચણ ન દુઃખે એના માટે ખુરશીઓ, જમવા માટે લાડવા છે, શેરડીનો રસ પીવો હોય એના માટે સિંચોડો ચાલુ છે. તરબૂચ કાપીને આપે છે અને વળી **ભગવાન જેવો ભગવાન મળ્યો છે હવે આમાંથી વધારે શું જોઈએ ?** અને તોય રોદડા રોઈએ છીએ. આ તો ફની વાત છે, જોક્સ છે. પણ આપણે દેવના છીએ, દેવના દીકરા છીએ એનું ગર્વ ને ગુમાન હૃદયથી રાખવાનું છે. આપણી જવાબદારી આપણે લેવાની છે. કોઈના તરફ આંગળી કરતા નથી.

**ભૂજ હોય, અમદાવાદ હોય મૂળી હોય કે ગમે તે મંદિર હોય, નવે નવ મંદિર એ આપણા છે, દેવ આપણા છે. કંઈ પણ થાય આપણે અડધી રાત્રે ઉભા રહેવાનું છે. સિધ્ધાંત અને પરંપરાના આધારે.** આજે ગર્વ છે મહંત સ્વામીએ એ વાતનું પ્રતિપાદન કર્યુ છે. શ્રીપતિમ્ શ્રીધરમ્...... સહજાનંદ સ્વામી મહારાજની જય !

**બાવળા શ્રી સ્વામિનારાયણ મંદિર સંસ્કારધામ નવો મોબાઈલ નંબર : ૭૯૮૪૭૪૫૭૧૮**

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ અમદાવાદ નવા મહંત સ્વામીની નિયુક્તિ**

શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ અમદાવાદના નવા મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી સત્યસંકલ્પદાસજી ગુરુ સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (અમદાવાદ કાલુપુર મંદિર મહંતશ્રી)ને નિયુક્ત કરવામાં આવ્યા છે.

●

**શ્રી સ્વામિનારાયણ મંદિર ખાણ (રાજસ્થાન) નવા મહંત સ્વામીની નિયુક્તિ**

શ્રી સ્વામિનારાયણ મંદિર ખાણ (રાજ.) (સ.ગુ. બ્રહ્માનંદસ્વામીનું જન્મ સ્થાન)ના નવા મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી (સિધ્ધપુર મંદિર મહંતશ્રી)ને નિયુક્ત કરવામાં આવ્યા છે.



# સંપત્તિ - દાન, ભોગ અને નાશ

- ડૉ. અમરીષકુમાર જી. પટેલ (નવા નરોડા)

આપણા નંદસંતો અને આપણાં શાસ્ત્રો કહે છે કે તમારી પાસે જે સંપત્તિ હોય તેના ત્રણ રસ્તા છે. દાન, ભોગ અને નાશ. જે વ્યક્તિ દાન અને ભોગ એ બે માં સંપત્તિનો સદ્‌વ્યય ન કરે - तस्य तृतिया गतिर्भवति. તેને ત્રીજી ગતિ એટલે કે લક્ષ્મીજીનાં ત્રણ વાહનો છે (૧) ગરુડજી (૨) હાથી (૩) ઘુવડ. ગરુડજી ઉપર જેમ ભગવાન નારાયણ બિરાજે છે એમ લક્ષ્મીજી પણ બિરાજે છે. જેના ઘરમાં લક્ષ્મીજી સાત્વિક સ્વરૂપે આવવા ઈચ્છતાં હોય તો ગરુડજી ઉપર બેસીને આવે છે. જેથી એ પૈસો કુટુંબીને આનંદ આપે, સંતોષ આપે અને સત્‌કર્મમાં દેવ મંદિરોમાં, ઉત્સવમાં, ધર્માદામાં, સારા કાર્યો કરવામાં વપરાય. જેના ઘરમાં લક્ષ્મીજી રાજસ સ્વરૂપે આવવા ઈચ્છતા હોય તો હાથી ઉપર બેસીને આવે છે. જેથી પૈસો, મોજ-શોખમાં ભોગ-વિલાસમાં વપરાય. એ વખતે કોઈ એમ કહે આ મંદિરમાં સારા કાર્યો ચાલે છે તો કંઈક સહકાર આપજો. તો કહેશે એ તો બધું ચાલ્યા કરે. એમાં મને રસ નથી. એમનો છોકરો હજારો રૂપિયા મોજ શોખમાં ખર્ચે એનો વાંધો નહી. પણ શુભ કાર્યમાં વપરાય તેનો વાંધો. વ્યવહારમાં, લગ્ન પ્રસંગમાં બહોળો થઈને ફરે અને જ્યારે ઠાકોરજીની સેવા કરવી હોય ત્યારે ૧૦ રૂપિયા પેટીમાં નાખે. ઠાકોરજી પાસે ૧ - રૂપિયા મૂકે અને પ્રાર્થના કરે : હે પ્રભુ ! મારા બધાં કામ પતાવી દેજો. હે ભગવાન ! આ મકાનનો પ્રોબ્લેમ પતી જાય, આ કેસમાં હું જીતી જાઉં.'' અને ઠાકોરજીને સમર્પણ ફક્ત ૧૦ રૂપિયા !! દશ રૂપિયાના ભક્તોને ખ્યાલ નથી હોતો પણ ભગવાન એવો ઘા કરતા હશે કે એ દશીયું કંજૂસ ભક્તના માથામાં ક્યાંક વાગતું હશે.

જ્યારે લક્ષ્મી તામસ સ્વરૂપે આવે ત્યારે ઘરમાં કલેશ એટલે કે ઝગડા શરૂ થાય. કોર્ટ - કેસ ચાલુ થાય. પછી રોગોનો ઘરમાં પ્રવેશ થાય .રોગ મટે જ નહી. એક પછી એક ડૉકટરો બદલે, દવાઓ બદલ્યા જ કરે અને બીલ ચાલુ ને ચાલુ. કારણ કે લક્ષ્મીજી ઘરમાં તામસ સ્વરૂપે આવ્યા છે. સુખી થશે નહી. અને કોઈને સુખી કરી શકશે પણ નહી.

જો આપણા ઘરમાં સાત્વિક સ્વરૂપે જ લક્ષ્મીજીને વસાવવા હોય તો એ માટે સ્વામિનારાયણ ભગવાને ઉપાય બતાવ્યો છે. તમારા ઘરમાં જે આવક હોય તેનો દસમો ભાગ ભગવાનને અર્પણ કરવો. જો તમે દશમો કે વીશમો ભાગ ભગવાનને અર્પણ કરશો તો બાકીની લક્ષ્મી સાત્વિક બની જશે. એ કોઈ દિવસ તમને દુઃખી નહી કરે. તમને પરેશાન નહી કરે. તમને આનંદથી જીવાડશે. મા જેમ બાળકનું ધ્યાન રાખે એમ લક્ષ્મીમાતા છે. અને એ આપણું પુરેપુરું ધ્યાન રાખશે. પણ જો ભગવાનનો ભાગ ન કાઢ્યો તો ઈશ્વરની વસુલાત વસમી હોય છે માટે શક્તિ હોય તો ધર્મકાર્યમાં દાન આપવામાં કંજૂસાઈ ન કરવી. નહી તો ઈશ્વર કોઈવાર ગૃહસ્થના ઘરમાં બે હાથી મોકલી દે છે. એવા હાથી મોકલી દે છે કે બધુ ધનોત પનોત કાઢી નાખે. માટે જેને ધનાઢ્ય થવું હોય તેને ધર્માદાનો દશમો ભાગ કાઢવો અને જે સાધારણ રહેવું હોય તેણે વીસમો ભાગ ધર્માદાનો કાઢવો. ને જેને દરિદ્ર રહેવું હોય તેણે ઈચ્છા પ્રમાણે આપવો. કળિયુગમાં દાન જેવું એક પણ તપ નથી. જેની પાસે શક્તિ છે એવા ગૃહસ્થાશ્રમીઓએ સૌ પ્રથમ દેવનો ધર્માદો ચોખ્ખો કાઢવો. (તમામ હરિભક્ત માત્રે દેશ વિભાગનો લેખ પાંચ થી દશ વાર વાંચી જવો. કાલુપુર મંદિરમાં નિઃશુલ્ક મળે છે.) માંદા માણસને દવાનું દાન આપવું, મોટા મોટા યજ્ઞો કરાવવા, પારાયણો કરાવવી, તીર્થોમાં હજારો બ્રાહ્મણો તથા સાધુઓને જમાડવા. આ રીતે પોતાની સંપત્તિનો સદ્‌વ્યય કરવો જેથી સાત્વિક સ્વરૂપે લક્ષ્મીજીનો ઘરમાં કાયમ વાસ થાય. આ બધું જ દેવનો દશાંશ વિશાંશ કાઢીને કરી શકાય.

શ્રી સ્વામિનારાયણ

# નિંદાનું ફળ

- ગંગારામભાઈ એમ. પટેલ (પ્રાંતિજ)

નિંદા કરવી એ અઢાર પ્રકારના વ્યસનોમાંનું એક વ્યસન છે. નિંદા અને તાડન એ બે અધમમાં અધમ વસ્તુ છે. સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં લખ્યું છે કે દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ એમની નિંદા ક્યારેય ન કરવી અને ન સાંભળવી.

મહાભારત એમ કહે છે કે જે ગૃહસ્થ નિંદાથી પર બન્યો એટલે કે કોઈની નિંદા કરતો નથી એ ગૃહસ્થને યજ્ઞનો દસમો ભાગ પુણ્ય મળે છે. શાસ્ત્ર કહે છે કે તમે જેની નિંદા કરશો તો એ જે પાપ કરતો હશે એ પાપમાંથી તમને ભાગ મળશે અને તમારું પુણ્ય ધોવાઈ જશે. માટે નિંદા તો ક્યારેય ન કરશો.

વડતાલ ધામથી થોડા કિલોમીટર દૂર મેઘવા નામે એક ગામ છે. ત્યાં નરોત્તમદાસ અને નાગરદાસ કરીને બે પટેલો રહેતા હતા. આ બન્ને પટેલો ભગવાનના ભક્તોની નિંદા કરે. હાલતાં ને ચાલતાં સ્વામિનારાયણ ભગવાનના ભક્તની કાતિલ મશ્કરી કરે. રોજ સવાર પડે અને કોઈ હરિભક્તને દેખે એટલે હલકા શબ્દોમાં નિંદા ચાલુ જ કરી દે. જેના પાપે બન્ને જણાને એક સાથે છ ભૂત વળગ્યાં. જે રાત્રિ-દિવસ દુઃખી કરે.

કોઈ ભૂત આવીને સૂવાડી દે. મારે સૂઈ જવું છે એમ કહી ગોદડું ઓઢીને સૂઈ જાય. તો બીજું ભૂત કહે મારે ભાગવું છે. એટલે દોડાદોડ કરે. ઘરનાં માણસો એને પકડીને બેસાડે. તો કોઈ ભૂત રોવા માંડે. કોઈ ભૂત હસવા માંડે. કોઈ ભૂત ખાવા માંડે ત્યારે બે ટોપલા જેટલું ખાઈ જાય. રાત-દહાડો આ છ ભૂત પજવ્યા કરે. ભૂતને કાઢવા માટે ભૂવા જાગરીયા પાસે પહોંચ્યા.

**તે કાઢવા ઉપાય બહુ કરીયા,**
**કર્યા ભેળા ભૂવા ને જાગરીયા.**
**ધૂણી ધૂણી ધન ગયા ખાઈ,**
**તોય ફેર પડ્યો નહીં કાંઈ.**

જાતજાતના ને ભાતભાતના ભૂવા આવે ધૂણતા જાય અને પૈસા લેતા જાય. ઘરમાંથી પૈસા પણ ખર્ચાઈ ગયા.

મેઘવા ગામના સત્સંગીઓને ખબર પડી કે આ બે જણ હરિભક્તોની નિંદા કરતા હતા. એના પાપે બન્ને જણાને ભૂત વળગ્યાં છે. એટલે હરિભક્તોએ જઈને એમના કુટુંબીઓને કહ્યું ''અમારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન અત્યારે વડતાલ પધાર્યા છે. તો તમો આ નરોત્તમ અને નાગરને વડતાલ લઈને જાઓ અને સ્વામિનારાયણ ભગવાનના ચરણમાં પ્રાર્થના કરજો. તમારે કાંઈ કરવું નહી પડે. એક પૈસોય મૂકવો નહી પડે પછી કોઈ કષ્ટ રહે તો અમને કહેજો.

સત્સંગી હરિભક્તોની સલાહ પ્રમાણે આ બન્ને જણને પકડીને તેના સગાવહાલા વડતાલ લઈ ગયા. મહાપ્રભુ વડતાલ મંદિરના મોટા ચોકમાં સભામાં બિરાજમાન હતા. સંતો, હરિભક્તોની અગણિત સંખ્યા હતી. એ સભાના જ્યાં દર્શન થયા અને તૂર્ત જ ભૂત બળવા માંડ્યા. સ્વામિનારાયણ ભગવાને આ બન્ને જણાને આવકાર આપ્યો. પોતાને શરણે લીધા અને કંઠી બાંધી.

**''જોઈ મહારાજનો પરતાપ,**
**થયો ભૂત તેણે તનતાપ.**
**ન ખમાણું તે નિસર્યા ખસી,**
**જે રહ્યાતા એ બન્નેમાં વસી.''**

સભાનાં દર્શન થતાં જ ભૂતો ભાગી ગયા. જેના કંઠમાં સ્વામિનારાયણ ભગવાનની કંઠી હોય તેના શરીરમાં કોઈ ભૂત-પ્રેત પ્રવેશ ન કરી શકે. કંઠીને પવિત્ર રાખીએ તો ભૂત-પ્રેત કોઈની તાકાત નથી કે શરીરમાં પ્રવેશી શકે.

વ્હાલા ભક્તજનો, હરિભક્તોની નિંદા કરનાર આ બન્ને પટેલોના અવગુણ ગ્રહણ ન કરીને સ્વામિનારાયણ ભગવાનના ચરણમાં નમસ્કાર કરવાની સલાહ આપી. અને પરમકૃપાળુ પરમાત્માએ ખૂબ જ દયા કરીને સુખી કરી દીધા. પરમાત્મા કેવા દયાળુ છે!

જય સ્વામિનારાયણ!

**શ્રી સ્વામિનારાયણ માસિક ન મળવા બાબત**

શ્રી સ્વામિનારાયણ માસિક જેને પોસ્ટમાં ન મળતા હોય (બાપુનગર, નિકોલ, નવા નિકોલ, નરોડા આદિ વિસ્તાર) તેમણે પ.ભ. ગોરધનભાઈ સીતાપરા

મો. નં. : ૮૭૮૦૪૩૪૯૪૧ ઉપર સંપર્ક કરવો.

# ભગવદ્-નિષ્ઠા અનિવાર્ય

- મહાદેવપ્રસાદ જોષી (ન્યુ રાણીપ)

સંસાર સાગર સુપેરે પાર કરવા માટે હરેક હરિભક્તમાં ભગવદ્-નિષ્ઠા એક અનિવાર્ય બાબત ગણાય છે. આપણા સંપ્રદાયમાં ભગવાન સ્વામિનારાયણ સમકાલિન સમયમાં કંઈ કેટલાય હરિભક્તોમાં શ્રીજીમાં નિષ્ઠા પર્વતપ્રાય હતી. સાંપ્રદાયિક શાસ્ત્રોમાં શિર સાટે શ્રીજી નિષ્ઠા રાખનારા હરિભક્તોનાં નામો સત્સંગના આકાશમાં ધ્રુવતારાની માફક અવિરતપણે ચમકી રહ્યાં છે.

ક્યારેક ઈશ્વર નિષ્ઠામાં કોઈને કોઈ કારણોસર નાના-મોટાં વિઘ્નો આવતા રહેતા હોય છે. પરંતુ અડગપણે પ્રભુભક્તિમાં રત એટલે કે મગ્ન રહેનારને ઈશ્વર અવશ્યપણે નિતાંત સુખ પ્રદાન કરતો હોય છે. સત્સંગ વિષયક શાસ્ત્રોમાં એક પ્રેરણાદાયી વાક્ય આવે છે : નિયમ, નિશ્ચય અને પક્ષ રાખનાર ઉપર હરિ અવશ્ય રાજી રહેતા હોય છે.

હા, ભગવદ્ - નિષ્ઠામાં દૃઢ વૃત્તિ રાખવામાં ક્યારેક આપણને ડગાવવાના પ્રત્યક્ષ - પરોક્ષ પ્રયાસો પણ થતા રહેતા હોય છે. આપણે તેના થકી નિરાશ ન થતાં ભગવાન સ્વામિનારાયણની ભક્તિમાં ટેકીલા બનવાનું છે. શ્રીજીનાં વચનો તથા સાંપ્રદાયિક શાસ્ત્રોમાં આસ્થા ધરાવી આ દેહાંતે અક્ષરધામ પામવાનું આપણું ગંતવ્ય હોવું જોઈએ.

કોઈ વાર આપણી નિષ્ઠામાં સહજાનંદ સ્વામી - આપણા ઈષ્ટદેવ કસોટી પણ કરી લેતા હોય છે, પરંતુ આપણે શ્રીજી નિષ્ઠામાં અડગ અને અડીખમ રહેવાનું છે. જગતના જીવોની શંકા-કુશંકાઓને નજર અંદાજ કરીને સાચા અને સારા સત્સંગી આપણે બનવાનું છે. સાધુ-સંતોના જોગમાં રહીને સત્સંગમાં અભિવૃદ્ધિના પ્રામાણિક અને સંન્નિષ્ઠ પ્રયાસો આપણા થકી નીત થવા રહ્યા.

સત્સંગ અભિવૃધ્ધિ કાજે આપણા સહુના તન, મન અને ધન યુક્ત પ્રયત્નો અને પ્રકલ્પો હાથ ધરાવા રહ્યા, ભગવાન સ્વામિનારાયણે જે મુખ્ય ચાર થાંભલાઓની રચના કરી છે એવા આચાર્ય, સંત, શાસ્ત્રો અને મંદિરો - આ ચારેયને કદાપિ લૂણો ન લાગે તે સમજવું રહ્યું. આપણા ષડંગી સંપ્રદાયના પાયા ઊંડે સુધી ઉતારવા માટે ભગવદ્ - નિષ્ઠા એક અનિવાર્ય બાબત ગણાવી જોઈએ.

આપણા ભૌતિક દેહમાં શ્રીજી નિષ્ઠા ઠાંસી ઠાંસીને ભરી રાખવી જોઈએ. સત્સંગ માટે જીવવા તથા મરવાની તૈયારી રાખવી રહી. જીવનના હરેક નાના-મોટાં કાર્યોમાં સહજાનંદનો ભરોસો અને નિષ્ઠામાં ઓટ ન આવવી જોઈએ.

ચાલો, આપણે ભગવાન સ્વામિનારાયણમાં અડગ નિષ્ઠાના નાવના સહારે ભવસાગર તરી જવા તત્પર બનીએ. સહુ હરિભક્તોને જયશ્રી સ્વામિનારાયણ..











પ.પૂ.મોટા મહારાજશ્રીનો ૮૦મો પ્રાકટ્યોત્સવ તારીખ મુજબ
૧૧એપ્રિલે અંજાર (કચ્છ)મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે આપણા ભુજ મંદિરના
સંત-હરિભક્તો દ્વારા ભવ્ય રીતે ઉજવાયો અને તિથિ મુજબ ચૈત્ર વદ -૩
આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ઉજવાયો તેની બોલતી તસવીરો










કોટા (રાજસ્થાન) ના પ્રથમ પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



જેતલપુર મંદિરમાં ઠાકોરજી સમક્ષ મહાપૂજા કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



ગામડી મંદિરના ૧૯૫માં પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



ધરમપુર (ભૂંડિયા)મંદિરમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



નિકોલ નૂતન મંદિરના ઉપલક્ષમાં આયોજીત સત્સંગ સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી





અમદાવાદ મંદિરમાં દર પૂનમે યોજાતી સત્સંગ સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી





અમદાવાદ મંદિરના પ્રસાદીના ચોકમાં શ્રીહનુમાન જયંતીના મારૂતિ યજ્ઞનો પ્રારંભ કરાવતા
પ.પૂ.મોટા મહારાજશ્રી તથા પૂર્ણાહુતિ કરાવતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી



શ્રી હનુમાન જયંતીના આપણા
અસારવા ગુરૂકુળમાં
વીર હનુમાનજી સમક્ષ
મારૂતિ યજ્ઞ તથા
સુંદરકાંડના પાઠનું સુંદર
આયોજન કરાયું હતું





ધરમપુર (ખાખરીયા) મંદિર
પારાયણ પ્રસંગે સભામાં
આશીર્વાદ આપતા
પ.પૂ.લાલજી મહારાજશ્રી



શ્રી હનુમાન જયંતીના
નારણપુરા મંદિરમાં
શ્રી હનુમાનજીને
સુખડીનો અન્નકૂટ



અમારા (કચ્છ)મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



સુખપર રોહા (કચ્છ)મંદિરના પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી







કલોલ મંદિરમાં રામકથા પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



કોઠંબા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા
પ.પૂ.લાલજી મહારાજશ્રી



ન્યુ રાણીપ મંદિરમાં શ્રી હનુમાન જયંતી પ્રસંગે
શ્રી હનુમાન ચાલીસાની કથા પારાયણ





ગાંધીનગર સેક્ટર -૨મંદિરના રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં રાત્રી સત્સંગ સભામાં સત્સંગ કરાવતા સંતો



ધમાસણા ગામે કથા પારાયણ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ યજ્ઞની યાદી-એપ્રિલ-૨૦૨૪

તા. ૨૪-૦૪-૨૦૨૪ પ.ભ.અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ - ગાંધીનગર - હ. બિન્દેશ જગદીશભાઈ પટેલ.

તા. ૨૪-૦૪-૨૦૨૪ પ.પૂ. મોટા મહારાજશ્રીના ૮૦ માં જન્મોત્સવ નિમિત્તે - હ. શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ, અમદાવાદ.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી-એપ્રિલ-૨૦૨૪

તા. ૧૩-૦૪-૨૦૨૪ પ.ભ.શ્રી મુકેશકુમાર બળદેવભાઈ ભક્તિદાસ પટેલ - ડાંગરવાવાળા.

તા. ૧૪-૦૪-૨૦૨૪ પ.ભ.શ્રી ડૉ. ઉરૂલ્લાબેન ગોપીનાથ - અમદાવાદ - ચિ. વૃંદાના લગ્ન નિમિત્તે.

તા. ૨૧-૦૪-૨૦૨૪ (સવારે) પ.ભ.શ્રી જયંતીભાઈ એસ. પટેલ - વિહારવાળા-નારણપુરા.

(બપોરે) પ.ભ.શ્રીમતી અરૂણાબેન ચંદ્રકાંતભાઈ બેલાણી - નાસિક.

તા. ૨૪-૦૪-૨૦૨૪ પ.ભ.શ્રી અમિતકુમાર પ્રવિણભાઈ પટેલ - કુકરવાડા.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ દાનભેટની યાદી-એપ્રિલ-૨૦૨૪

રૂા. ૨,૦૦,૦૦૦/- પ.ભ.શ્રીમતી ભાવનાબેન રસિકભાઈ ટાંક - અમદાવાદ - હ. રસિકભાઈ ટાંક

રૂા. ૧,૧૧,૧૧૧/- પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીની પ્રેરણાથી પૂનમની ભેટ - હ. પ.ભ.શ્રી આદર્શ ભાવિક સંજયભાઈ પટેલ - ગામ ઉનાવા. (રામદાસબાપા પરિવાર - શ્રી રામદાસ ફાઉન્ટેશન - ઉનાવા.

રૂા. ૧,૦૦,૦૦૦/- પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીની પ્રેરણાથી - હ. પ.ભ.શ્રી આદર્શ ભાવિક સંજયભાઈ પટેલ - ગામ ઉનાવા. (રામદાસબાપા પરિવાર - શ્રી રામદાસ ફાઉન્ટેશન - ઉનાવા.

રૂા. ૫૧,૦૦૦/- પ.ભ.શ્રી ડાહ્યાભાઈ નારાયણદાસ પટેલ - માણસાવાળા - પ.પૂ. મોટા મહારાજશ્રીના જન્મોત્સવ નિમિત્તે - હ. શ્રીમતી વિમળાબેન પટેલ.

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૯૮૬

www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) ''મૂળ કારણ છે દેહભાવ''**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

ગીતાબાએ સમજાવ્યું ને કે અક્ષરધામનું સુખ કેવું હોય? તો આપણે એ વિચારવાનું કે આપણે ખાલી ''છપૈયા'' જઈએ છીએ ને તો કેવી અનુભૂતિ થાય છે. મહારાજના જન્મસ્થાનમાં જવાથી બધા સંકલ્પ વિકલ્પ બંધ થઈ જાય છે. તો અક્ષરધામમાં જઈને કેવું લાગશે ? આપણને બધાને આ મહારાજના સ્થાપેલા સત્સંગના માધ્યમથી આટલું બધુ સુખ મળે છે, તો પણ **આપણે દુઃખી કેમ છીએ ? તો આપણે દેહભાવમાં આવી જઈએ છીએ ને આત્મસ્વરૂપે વર્તતા નથી આવડતું માટે દુઃખી છીએ.** જગત સંબંધી જે પણ કાર્યો આપણાથી થાય છે તે દેહાધ્યાસને લીધે થાય છે. દેહભાવના પરિણામ સ્વરૂપે વિષયમાં પ્રીતિ થાય છે. અને ક્રોધ, માન, માયા, લોભ વગેરે ઉત્પન્ન થાય છે. **'વિષયો' છે તે ઊધઈની જેમ છે. ધીમે ધીમે આપણને ખાઈ જાય છે.** તેની આપણને ખબર નથી પડતી. આપણી શક્તિ વિષયોના લીધે નષ્ટ થઈ જાય છે. તો વિવેકપૂર્ણ શાંતિથી વિચારવાનું કે આ શરીર શેના માટે છે. **આ મનુષ્ય શરીર એ પરમાત્માને પામવા માટેનું સાધન છે. નહિ કે જગત સંબંધી વિનાશી વસ્તુઓ પ્રાપ્ત કરવા માટે.** પરંતુ આપણને આ બધો ખ્યાલ સત્સંગમાં આવ્યા પછી આવેછે. સત્સંગમાં આવ્યા પછી ભગવાન સંબંધી સુખનો આ જીવને ખ્યાલ આવે છે. આ બધો ખ્યાલ આવ્યા પછી પણ ક્યારેક ક્યારેક વિવેક ચૂકાય છે. કેમ કે ? ખબર તો છે પણ મન ઉપર નિયંત્રણ મેળવવું અઘરુ છે. ધીમે ધીમે અભ્યાસથી બધુ થાય છે. અને તેના માટે કોઈ આધાર પણ જોઈએ દા.ત. યુધ્ધમાં તમે ગમે તેટલા પારંગત હોવ પણ તમારી પાસે અસ્ત્ર, શસ્ત્ર ના હોય તો જીત શક્ય નથી. ગમે તેટલી મોટી સેના આપણી પાસે હોય પણ હથિયારરૂપી સાધન વગર યુધ્ધ જીતી શકાય નહિ. એવી રીતે મનોનિગ્રહ કરવા, માયા ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે મહારાજે આપણને શાસ્ત્રોરૂપી સાધન આપ્યા છે. તો તેનો ઉપયોગ કરવો પડે. તેનો ઉપયોગ નહિ કરીએ તો માયા ઉપર વિજય શક્ય નથી. અને મન ઉપર અને માયા ઉપર વિજય મેળવવા માટે સૌથી મોટામાં મોટુ સાધન છે. **'સત્સંગ'** બીજા બધા અસ્ત્ર-શસ્ત્ર છે. **સત્સંગ એ 'બ્રહ્માસ્ત્ર' છે.** એમાં બધુ આવી જાય છે. માટે સત્સંગનું જોર રાખવાનું. **સત્સંગથી વિવેકપૂર્ણ વિચારવાની શક્તિ મળે છે. અને ભગવાન પ્રાપ્તિની ભૂખ લાગે છે.** જેના લીધે આપોઆપ મન અને બુદ્ધિથી સત્પ્રયત્ન શરૂ થઈ જાય છે. ભગવાન પ્રાપ્તિની ભૂખ લાગે તો પછી આ શરીરથી જેટલા કાર્યો થશે એ એ જ દિશામાં થશે. દા.ત. આપણને તરસ લાગે છે તો પાણીનો જ વિચાર આવે છે. ક્યાંથી પાણી મળે તેમ એક જ દિશામાં વિચાર આવે છે. મગજ આખું જળમય થઈ જાય છે. પાણી વિષે વિચારવાનો પ્રયત્ન નથી કરવો પડતો આપોઆપ વિચાર આવે છે કે ક્યારે પાણી મળે ને ક્યારે પી લઈએ એ જ દિશામાં પ્રયત્ન થાય છે. એવી રીતે ભગવાન પ્રાપ્તિની ભૂખ લાગે તો અંતરમન બધુ ભગવાનમય થઈ જાય છે. બધા પ્રયત્ન ભગવાન પ્રાપ્તિની દિશામાં જ થાય છે. **આપણે જગત પાછળ દોડીએ છીએ ને એ ખોટી ભૂખ કહેવાય અને ખોટી ભૂખ છે એ ફાયદાકારક નથી હોતી.** આપણે જમવાનું બે ટાઈમ જમીએ છીએ તો એ બરાબર કહેવાય. શરીર માટે ફાયદાકારક છે. પણ વચ્ચે વચ્ચે ચા નાસ્તા એ બધુ કરીએ છીએ એ શરીર માટે નુકશાનકારક હોય છે. એવી રીતે જરૂરિયાત પુરતું બરાબર છે. પણ વધારે પામવાની ભૂખ હોય છે એ નુકશાનકારક છે. સત્સંગમાં આવવાથી જગત સંબંધી વસ્તુની ભૂખ ઓછી થવા લાગે છે. અને પૌષ્ટિક ખોરાકની ભૂખ જાગે છે. જે તમારા આત્માને સ્વસ્થ બનાવે છે. તમારો આત્મા સ્વસ્થ થાય એવી ભૂખ જાગૃત થાય છે. અને ધીમે ધીમે એ નિશ્ચય દૃઢ થવા લાગે છે. **'આત્માનો સ્વભાવ છે ઉર્ધ્વગતિ' કેમ કે ? જીવાત્મા પરમાત્માનો અંશ છે. એટલે એ સ્વાભાવિકપણે ઉપર ઉઠે છે. ભગવાન તરફ ખેંચાય છે.** અને માયા જીવને એના તરફ ખેંચે છે. મનને માયાનો ટેકો મળી ગયો છે. તો આપણે સત્સંગનું બળ વધારીશું તો વધારે જલ્દી આગળ વધાશે. આપણે અગાઉ પણ વાત થઈ હતી કે મોબાઈલમાં સત્સંગ સાંભળી લઈએ તો સમય તો બચી જશે, પણ ભગવત્પ્રાપ્તિનો ટાઈમ લંબાઈ જશે. વિદેશમાં રહેતા હોય તો તેમના માટે બરાબર છે. પણ આપણે તો પ્રત્યક્ષ સત્સંગમાં આવવાનો આગ્રહ રાખવાનો. તમે ગુલાબનું

ફુલ મોબાઈલમાં જોશો. પછી એને ઝુમ કરીને જોશો તો સરસ લાગશે પણ તેમાંથી સુગંધ આવશે ? નહિ આવે. એ પ્રત્યક્ષમાં જ આવશે. તો આપણને તક મળે ત્યારે સત્સંગની તક ચૂકવાની નહિ લાભ મળે તો અચૂક જવાનું. આપણે સત્સંગ કરીએ છીએ ભગવાન પ્રાપ્તિના બધા સાધનો પણ કરીએ છીએ તો જોવાનું કે આપણી પ્રગતિ કેટલી થઈ છે. જગત સંબંધી વસ્તુથી સંતૃષ્ટિ થઈ ગઈ અને અધ્યાત્મ સંબંધી અસંતૃષ્ટિ છે ? તો સમજી લેવાનું કે સારા રસ્તે છીએ અને જગત સંબંધી સંતૃષ્ટિ થતી નથી. તો એનું **'મૂળ કારણ છે. દેહભાવ'**. તો દેહભાવ ટાળી આત્મસ્વરૂપે વર્તવા પ્રયત્ન કરવાનો. દેહભાવને દૂર કરવા માટે સહેલામાં સહેલો ઉપાય છે. **'સમર્પણ'** તન, મન બધુ ભગવાનને સમર્પણ કરી દેવાનું અને **આમેય આપણુ છે જ ક્યાં ? સાધન તરીકે મળેલું છે. પાછું આપવાનું છે.** તો અત્યારથી જ આપી દઈએ. અર્થાત્ મનથી સમર્પિત થઈ જવાનું. જેવી રીતે રાખો એ રીતે રહીશું એવો ભાવ રાખવાનો અને પ્રયત્ન નહિ છોડવાનો. આપણે **એમની ઈચ્છા પ્રમાણે ચાલવું પડે.** આપણું આ મનુષ્ય શરીર એ પરમાત્માની આપેલી અમાનત છે. તો વિવેકપૂર્ણ આ શરીરનો ઉપયોગ કરવાનો અને અંતરઆત્મા બગાડીને પાછું નહિ આપવાનું. આપણી પાસે કોઈની અમાનત હોય અને પાછી ના આપીએ તો ? દંડ ભરવો પડે ને ? આપણે કોઈકની વસ્તુ લાવ્યા હોય અને તુટી-ફુટી જાય તો એના બદલામાં કાંઈક આપવું પડે છે. તો આપણને કેવું જીવન મળ્યું છે. બાળક જન્મે છે. તો કેવું 'નિખાલસ' હોય છે ! તો બગાડીને નહિ આપવાનું. નહિ તો દંડ ભરવો પડશે અને દંડમાં શું મળશે ? ચોર્યાસી લાખ યોનિમાં ફરવુ પડશે. તો એમાં બે વસ્તુ મુખ્યત્વે ધ્યાનમાં રાખવાની. **દેહભાવ નહિ રાખવાનો અને વિવેકપૂર્ણ આ શરીરનો ઉપયોગ કરવાનો.**

**હમણા કોઈએ પ્રશ્ન પૂછ્યો હતો કે :**

**મંદિર આવવું કેમ જરૂરી છે ?**

મંદિરના સિંહાસનમાં જે ભગવાન બિરાજમાન છે એ જ ભગવાન મારા ઘરના સિંહાસનમાં બિરાજમાન છે અને બધા એક જ છે અને મારા પાસે સમય ઓછો છે. તો મંદિરે ના આવીએ તો ચાલે ને ? કળિયુગ છે ને એટલે બધાના મનમાં આવા તર્ક-વિતર્ક ચાલતા હોય છે. તો તેનો જવાબ એ છે કે :

તમને કોઈ પણ સ્થળે જવું હશે તો આંખ બંધ કરીને ચિંતવન કરશો તો તમે પહોંચી જશો ? નહિ પહોંચાય, તેના માટે ચાલવું પડે અથવા તો કોઈ સાધન હોય તેના દ્વારા આગળ વધવું પડશે. **તો આપણે પહોંચવુ છે ક્યાં ? 'અક્ષરધામ'** તો ભગવાન સુધી પહોંચવા માટે **'મંદિર એ પહેલો પડાવ છે.'** અને મંદિરમાં પહોંચો પછી તમને સત્સંગ દ્વારા એ સમજાવવામાં આવે છે કે : **ભગવાન સુધી પહોંચવા માટે કઈ દિશા પકડવાની ક્યાં જવાનું ? ક્યાં નહિ જવાનું ? શું કરવું ? ભજનભક્તિ કેવી રીતે કરવી?** આ બધી ખબર મંદિરે આવ્યા પછી સત્સંગના માધ્યમથી પડે છે. માટે જ આપણે આગળ વાત થઈ ને કે **સત્સંગ 'બ્રહ્માસ્ત્ર' સમાન છે.** તમે જ વિચારો તમે અત્યારે અહિયા બેઠા છો તે તમારી અંદરની વૃત્તિઓ ભગવાનમાં કેવી રહે છે. અને અહિંયાથી ઉભા થઈને બહાર જાવ છો તો એમાં શું ફેરફાર થાય છે. સ્વાભાવિક છે. બધામાં ફેરફાર થાય છે. પણ શું કરીએ. **આપણે માયામાં રહીને જ માયાને તરવાની છે.** આખું જગત માયાનું જ છે. કોઈ એમ કહે કે અમે માયાથી સંપૂર્ણ પર થઈ ગયા તો એ શક્ય જ નથી. તો મંદિરમાં આવવાથી પ્રત્યક્ષ સુખ મળે છે. તેનાથી બહુ ફેર પડે છે. અને ખૂબ જલ્દી આપણી પ્રગતિ થાય છે.

●

### "ભગવાન જે કાંઈ કરે તે સારા માટે"

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ)

એક નાના એવા ગામના વેપારીની ગામમાં પોતે એક માત્ર વેપારી હોવાને કારણે સંપત્તિ અઢળક થઈ ગઈ. 'લોભ ને થોભ ન હોય' અને 'લાલચ એક બલા છે' એ મુજબ તેને વિચાર આવ્યો કે વેપાર માટે જરૂરી મૂડી રાખી બાકીની શહેરના મોટા વેપારીને ત્યાં સારા વ્યાજે થાપણરૂપે મૂકી આવું. આ મૂડી ટૂંકા ગાળામાં અનેક ઘણી વધી જશે. વહેલી સવારે જવાનું હતું. એટલે રાત્રે વહેલા સૂઈ ગયો. રાત્રે લઘુશંકા (પેશાબ પાણી) કરવા ઉઠ્યો તો અંધારામાં મેડીના દાદરેથી લપસીને પડ્યો. સારું એવું વાગ્યું પણ જીવ બચી ગયો.' જાન બચી લાખો પાયે' એવો વિચાર આવવાને બદલે અફસોસ થવા લાગ્યો. આ ભગવાન તો કેવો છે ? આમ હોય ?

આ નાનકડા ગામમાં ભગવાનના એક ખૂબ સારા ભગત રહે. ક્યારેક-ક્યારેક શેઠની દુકાને આવે. ભગવાન સંબંધી વાતો અને ચર્ચા કરે. આ ભગતને શેઠના સમાચાર મળ્યા ને સાંભળતાની સાથે તેના ખબર અંતર પૂછવા અને

આશ્વાસન આપવા પહોંચી ગયા. પોતે કરેલા આયોજનમાં આવેલા વિઘ્નની વ્યથા ઠાલવીને સૂર પ્રગટ કર્યો કે ભગવાને આ શું ધારી ? મેં કોઈ એવું કાર્ય નથી કર્યું અને મને આ પીડા? મારા કામમાં વિઘ્ન !

ભગતે બહુ ધીરજ અને શાંતિથી કરુણામય ભાવે કહ્યું, 'ઈશ્વરે જે કર્યું હશે એ કાંઈ સારા માટે જ હશે.' એટલે શેઠજી દુઃખ ભૂલી જાવ. આ વિશ્વાસ રાખો તો બધાં સારા વાનાં થઈ જશે. શેઠજીને તો એવો તો ગુસ્સો આવ્યો કે જાણે કોઈ પડ્યા પર પાટું મારતું હોય ! ઘા પર મીઠું ભભરાવતું હોય ! અલ્યા ભગત, મારી દશા અને મારું આખું કામકાજ, આયોજન ખોરવાઈ ગયું ? ને "જે થાય તે સારા માટે ? મને આમાં તો કાંઈ સારું દેખાતું નથી. બાકી ભૂંડું થયું છે. એ તો પ્રત્યક્ષ પુરાવો છે જે હું અનુભવું છું."

ભગતે એટલું જ કહ્યું - "શેઠજી તમારી દૃષ્ટિ માત્ર વર્તમાનને જ નિહાળી શકે છે. ભવિષ્યના ગર્ભમાં છુપાયેલું સત્ય તમે પારખી શકતા નથી. એટલે તમને નહિ સમજાય. પણ એ વાત મારું હૃદય દઢપણે સ્વીકારે છે કે જે કાંઈ થયું સારા માટે." ભગત ને બીજે દિવસે બહાર ગામ જવાનું થયું. થોડા દિવસ બાદ પરત આવ્યા અને માનવતા અને સજ્જનતાના ભાવથી શેઠજીના ખબર-અંતર પૂછવા ગયા. ભલે ને તે ગુસ્સે થયેલા એનો વિચાર પણ ન કર્યો.

ભગતને જોતાં જ શેઠજી તો ભગતના પગમાં પડી ગયા. ભગત તમે ખરેખર સાચા છો. જો મારા પગ ભાંગ્યા ન હોત તો વેપારના રૂપિયા અને થાપણ મૂકવાનું નાણું લઈને હું ગયો હોત. આ મારા જવા અંગેની બાતમી ચકોર-ચોર લૂંટારાઓને થઈ ગઈ હતી. તેઓએ મને મારી નાંખી લૂંટી લેવાનું પુરું આયોજન કરી રાખેલું. મારા પગ ભાંગ્યા એ તો "શૂળીનું દુઃખ કાંટેથી ગયું. એને સાર્થક કરી અને પ્રત્યક્ષ અનુભવ કરાવ્યો. તમારી વાત મને ત્યારે નહોતી સમજાઈ. મારો સ્વાર્થ ભંગ તેમજ પીડાની પરિસ્થિતિમાં તમારા પર ગુસ્સો આવ્યો. મેં કોઈ ખોટું નથી કર્યું છતાં આવું દુઃખ વિઘ્ન ભગવાને કેમ આપ્યું ? એના ગર્ભમાં પડેલા મારા સુખને હું જોઈ શક્યો નહિ. મને નવું જીવન જ નહિ, જીવનની સાચી દૃષ્ટિ મળી ગઈ. જગત નિયંતા ઈશ્વર "જે કાંઈ કરે છે તે સારા માટે કરે છે." ભગવાન શ્રીહરિ આવો શરણાગતિ ભાવ, દઢ આસ્તિકતા અને એવી સમજણ આપણને સહુને આપે. એ સમજણ આપનાર સાચા પરમ એકાંતિક સંતોનો સદા સુયોગ રહે. એવી ભગવાનને પ્રાર્થના."

### ઈષ્ટદેવમાં શ્રધ્ધા

- હર્ષાબેન શૈલેષકુમાર પટેલ (પ્રાંતિજ)

કડવા ભગત, તુલજા રામ, કલા ભગત.

મનુઋષિ પોતાની મનુસ્મૃતિમાં એમ કહી ગાય છે કે જેને મોક્ષ જોઈતો હોય, સંસારમાં સુખી થવું હોય, સંતોષથી જીવવું હોય, શાંતિથી જીવન પસાર કરવું હોય તો એક ઈષ્ટદેવમાં શ્રધ્ધા રાખવી. ઈષ્ટદેવ એક જ હોય. નમસ્કાર બધે કરો. "આદર સહુનો, આશરો એકનો. જેને પોતાના ઈષ્ટદેવ ઉપર શ્રધ્ધા હોય તો સુખ આવે કે દુઃખ આવે પણ કોઈ દિવસ મન ચલાયમાન ન થાય. અસહ્ય બિમારી હોય તો એ દવા કરશે, ઔષધિ કરશે તો એને મનમાં એમ થશે કે ભગવાનની દયાથી મટી ગયું. પ્રભુની કૃપાથી રોગ મટી ગયો. ભગવાનની ઈચ્છા હતી ત્યાં સુધી તકલીફ પડી. એમની ઈચ્છા હશે એટલે હવે સારું થઈ ગયું.

એક ગામમાં કડવા ભગત હરિભક્ત હતા. નામ કડવા અને જ્ઞાતિથી પણ એ કડવા પટેલ હતા. પણ ચુસ્ત ભક્ત. એમને શરીરમાં કોઈ મંદવાડ પેઠો ભયંકર પીડા થાય. સ્વામિનારાયણ ભગવાન એમને ઘેર ગયા અને એમની પથારી પાસે ઉભા રહ્યા. પથારીમાં સૂતા સૂતા કડવા ભગતે હાથ જોડ્યા. મહારાજ એના મસ્તક ઉપર હાથ રાખીને ઉભા છે. વેદના એકદમ ચાલુ છે. શ્રીજી મહારાજ ભક્ત સામુ જુએ છે. ભગત મહારાજની સામે જોઈ રહ્યા છે. ભગવાન ભક્તને જોઈ રહ્યા છે. ભક્ત ભગવાનને નીરખી રહ્યો છે. એકદમ થોડીવારમાં કડવા ભગત કહે છે. "મહારાજ ! જાણો છો ને મારું નામ કડવો છે !" મહારાજ હસ્યા. ભગત કહે પ્રભુ ! હું એમ ના કહું કે મને બહુ પીડા થાય છે. શું તમે નથી જાણતા ! તમે ન જાણો એ કેમ બને ! કારણ કે આ પીડા મોકલી છે જ તમે." કડવા ભગતને અંતરથી વિશ્વાસ હતો કે આ પીડા મોકલનાર જ તમે છો. બીજું કોઈ નથી. જ્યાં કડવા ભગત આવું બોલ્યા ને એટલે શ્રીજી મહારાજ કહે છે : "ભગત ! બોલો, ચપટીમાં તમારો મંદવાડ મટાડી દઈએ. પણ એક બીજો જન્મ લેવો પડશે. આ પીડા સહન કરવા માટે." મહારાજ ! આનાથી દશગણી પીડા વધારે આપજો પણ હવે બીજો જન્મ જોઈતો નથી." ભક્તની હિંમત જોઈને તરત જ પીડા મટાડી દીધી.

ઘણા ભક્તો વાણીમાં એમ બોલતા હોય છે કે કર્તા-હર્તા ભગવાન જ છે. શ્રીજી મહારાજ કર્તા હોય ત્યાં સુધી તો મજા આવે પણ જ્યારે હર્તા બને ત્યારે હાયવોય થવા માંડે. અને એ વખતે શ્રીજી મહારાજ ભૂલાવા માંડે. સુખ દુઃખના દાતા

શ્રીહરિ છે આવો જેને દઢ નિશ્ચય હોય એ સંસારને તરી જાય છે.

સ્વામિનારાયણ ભગવાન પોતાના આશ્રિતજનનું શૂળીનું દુઃખ કાંટે કરીને ટાળે છે. મહારાજ કહે છે કે અમારા સત્સંગીને તો એક વીંછીની પીડા થતી હોય તો અમોને હજાર ગણી થાઓ પણ તે પીડાથી તે હરિભક્ત રહિત થાઓ ને સુખીયા રહો. માટે આપણે આપણા ઈષ્ટદેવમાં દઢ શ્રધ્ધા રાખવી અને ભજન કરવું.

પ્રાંતિજ શહેરના તુલજારામ જેતલપુર મહારાજનાં દર્શને ગયા ત્યારે મહારાજે પૂછ્યું "તું કોણ છે ?" "મહારાજ ! હું બ્રહ્મરૂપ છું. પરબ્રહ્મ એવા તમે, તમારો ભક્ત છું." તુલજારામે કહ્યું. મહારાજે કસોટી કરવા તલવાર મંગાવી. અને ઊંચા અવાજે કહ્યું, "ચલ ઉભો થા અને માથું ધર." તુલજાભાઈએ નિર્ભયતાપૂર્વક આનંદથી કહ્યું, "હે મહારાજ ! જીવવું કે મરવું એ તો કાંઈ નથી, એ બધુ તમારા હાથની વાત છે. તમારી મરજી પ્રમાણે આખું બ્રહ્માંડ ચાલે છે. અનંત બ્રહ્માંડોની ઉત્પતિ, સ્થિતિ ને પ્રલય તમારી મરજી પ્રમાણે થાય છે. એમાં હું તે શું ? હું તો સ્વામિનારાયણ ભગવાનનો દાસ છું. સ્વામિનારાયણ ભગવાન જે કરે એ જ સારું." શ્રીજી મહારાજે તલવાર ફેંકી દીધી અને એ ભક્તને ભાવથી ભેટ્યા. ભક્તની કેવી દઢ શ્રધ્ધા ! ભગવાન પ્રત્યેની કેવી નિષ્ઠા !!

કડી તાલુકાના કુંડાલ ગામના કલા ભકતે ધગધગતો લોખંડનો ગોળો હાથમાં લઈને ખેતરના શેઢે ચક્કર મારવાની પરીક્ષા વખતે ભગવાનને પ્રાર્થના કરી કે "હે દયાળુ ! હે પ્રભુ ! મારે બીજું કાંઈ જોઈતું નથી." પણ મને આ પરીક્ષામાંથી પાર ઉતારજે. "સ્વામિનારાયણ ભગવાને ભગતના હૃદયમાં પ્રેરણા આપી અન કલા ભગતે ધગધગતો લોખંડનો ગોળો હાથમાં પકડી ખેતરના શેઢે ચક્કર માર્યું અને જ્યાં ગોળો નીચે નાખ્યો, તો ઘાસ સળગવા માંડ્યુ. પણ કલા ભગતના હાથમાં દાઝવાનો ના કોઈ ડાઘ કે ફોલ્લાં પડ્યાં. સ્વામિનારાયણ ભગવાને આ રીતે કલા ભગતની રક્ષા કરી અને તેનું ખેતર પણ જતું બચાવ્યું.

ભગવાન કેવા ભક્ત વત્સલ છે ! કેવા દયાળુ છે ! ભગવાન પ્રત્યે દઢ નિષ્ઠા હોય તો કોઈ કાળ, કર્મ, માયા કે જમ કોઈ અડી ન શકે.

**શ્રીરામનવમી શ્રીહરિ જયંતી સમૈયો યજમાનશ્રી**

શ્રીરામનવમી-શ્રીહરિ જયંતી સમૈયો - શ્રીહરિ પ્રાગટ્યોત્સવ ચૈત્ર સુદ-૯ તા. ૧૭-૪-૨૦૨૪ના યજમાનશ્રી શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ કાલુપુર મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી પ.ભ.અ.નિ. મીનાબેન દશરથભાઈ પટેલ - હ. પ.ભ. પૂરવ દશરથભાઈ પટેલ, રિન્ની પૂરવ પટેલ, ચિ. ધ્યાન, ચિ. સખી આદિ પરિવાર (ચાંદખેડા).

**ચૈત્ર સુદ-૧૫ તા. ૨૩-૪-૨૦૨૪ મંગળવાર સત્સંગ સભાના - વાઘાના તથા સોનાના પદ્મના યજમાનશ્રી**

શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા અમદાવાદ કાલુપુર મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી ચૈત્ર સુદ-૧૫ સત્સંગ સભા, ધજા, વાઘા અને સોનાના પદ્મના યજમાનશ્રી અ.નિ. ડાહીબેન નારાયણભાઈ પટેલ (પોર દશ ગામ ગોળ) પ.ભ. નારાયણભાઈ ત્રિકમભાઈ પટેલ, પ.ભ. પરેશભાઈ નારાયણભાઈ પટેલ, પ.ભ. હરિકૃષ્ણ નારાયણભાઈ પટેલ, દિપમાલા પરેશભાઈ પટેલ, દામિની હરિકૃષ્ણ પટેલ, મીનાબેન રમેશભાઈ પટેલ આદિ પરિવાર.

**કાલુપુર મંદિર મારૂતિયજ્ઞના યજમાનશ્રી**

ચૈત્ર સુદ-૧૫ તા. ૨૩-૪-૨૦૨૪ મંગળવાર મારૂતિ યજ્ઞ, શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ કાલુપુર મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી કાલુપુર મંદિરમાં આયોજીત મારૂતિયજ્ઞના યજમાનશ્રી અ.નિ. કાંતાબેન ચુનીલાલ સોની પરિવાર (પલીયડવાળા - રાણીય) અમદાવાદ - હ. પ.ભ. જયેન્દ્ર ચુનીલાલ સોની, પાર્થ જયેન્દ્ર સોની, મિત જયેન્દ્ર સોની પરિવાર.

# સત્સંગ સમાચાર

**વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ કાલુપુરમાં રામનવમી-શ્રીહરિ જયંતી સમૈયો**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તેમજ સમગ્ર ધર્મકુળના રાજીપાથી અને અમદાવાદ કાલુપુર મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામીશ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં તા. ૧૭-૪-૨૦૨૪ બુધવાર ચૈત્ર સુદ-૯ શ્રી રામનવમી-શ્રીહરિ જયંતી સમૈયો દબદબાભેર હર્ષોલ્લાસથી ઉજવાયો.

પ્રાતઃ ૭ થી ૭-૩૦ અક્ષરભુવનમાં બિરાજમાન બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ-મહાભિષેક અન્નકૂટ આદિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયા. સમગ્ર મંદિરને રોશનીથી અદ્‌ભુત શણગાર્યું હતું. રાત્રીના સમયે હજારો શહેરવાસીજનો રોશનીના દર્શન કરવા આવતા હતા. મંદિરના પ્રસાદીના ભવ્ય સભા મંડપમાં સવારના ૬ થી સાંજના ૬-૩૦ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂનનો પ્રારંભ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થયો હતો. અમદાવાદ શહેર અને નજીકના ગામોના શ્રી નરનારાયણદેવ યુવક મંડળના હરિભક્તો દર કલાકે સંગીતના મધુર સૂર સાથે ધૂનની રમઝટ બોલાવી હતી. આપણા કાલુપુર મંદિરના તમામ સંતો સતત ધૂનમાં બિરાજ્યા હતા. સાંજે ૭ કલાકે પૂ. મહંત સ્વામી, સંતો અને આજના સમૈયો, અખંડધૂન, જન્મોત્સવ આદિ પ્રસંગના યજમાન અ.નિ. મીનાબેન દશરથભાઈ પટેલ, હ. પ.ભ. પૂરવ દશરથભાઈ પટેલ, અ.સૌ. રિન્રી પૂરવ પટેલ, ચિં. ધ્યાન, ચિં. સખી (ચાંદખેડા) આદિ પરિવાર સંપ્રદાયની મર્યાદાનુંસાર અખંડ ધૂનની પૂર્ણાહુતિની આરતીમાં જોડાયા હતા. આ સમગ્ર પ્રસંગમાં બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ ઉપસ્થિત રહીને બહેનોને અલૌકિક લાભ આપ્યો હતો. બપોરે ૧૨-૦૦ કલાકે મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામચંદ્ર ભગવાનના જન્મોત્સવની આરતી ખૂબજ ધામધૂમથી થઈ હતી. રાત્રે ૮-૩૦ થી ૧૦-૧૦ પર્યન્ત પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં આપણા સંપ્રદાયના સુપ્રસિધ્ધ ગાયક કલાકારો શ્રી પૂરવ પટેલ, શ્રી જયેશભાઈ સોની અને સાથી કલાકારો દ્વારા કીર્તન-ભક્તિ, રાસ ગરબા, લાઈટ શો આદિ થયા હતા. આપણા ધર્મકૂળ પરિવારના ખૂબજ નિકટના સ્નેહીશ્રી જય શાહ, શ્રી કૌશિકભાઈ જૈન આદિ પણ દર્શનાર્થે પધાર્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. મહંત સ્વામીએ તમામ મહેમાનોનું પુષ્પહાર પહેરાવી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. રાત્રે ૧૦-૧૦ ઘડીએ અખીલ બ્રહ્માંડના અધિપતિ શ્રી ઘનશ્યામ મહારાજના પ્રાગટ્યોત્સવની આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ખૂબજ ધામધૂમથી થઈ હતી. સવારથી લઈ છેક જન્મોત્સવ સુધી દર્શનાર્થીઓની ખૂબજ ભીડ જોવા મળી હતી. પૂ. મહંત સ્વામી અને તેમના સંત મંડળે ઠંડી મજાની છાસ, સુંદર ફરાળ, આખો દિવસ ઠંડુ જળ આદિ તમામ ભક્તો માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. છેલ્લે પંજાજીરીનો પ્રસાદ વહેંચાયો હતો.

સમગ્ર પ્રસંગનું સભા સંચાલન કોટા મંદિરના યુવાન-વિદ્વાન મહંતશ્રી અને અત્રે મંદિરના કોઠારી શાસ્ત્રી સ્વામી શ્રી નારાયણમુનિદાસજીએ સુંદર રીતે સંભાળ્યુ હતુ.

(કોઠારી સ્વામી, કાલુપુર મંદિર)

**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ચૈત્રી પૂનમ સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાંનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં તેમજ પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે ચૈત્ર સુદ-૧૫ પૂનમ તા. ૨૩-૪-૨૦૨૪ ને મંગળવારના દર પૂનમની જેમ આ ચૈત્રી પૂનમના પ્રસાદીના સભા મંડપમાં પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી સત્યસંકલ્પદાસજી (નારાયણઘાટ મંદિર) ગુરુ મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના વક્તા પદે સવારે ૮-૩૦ થી ૧૦-૩૦ સુધી ભવ્ય સત્સંગ સભા સંગીતના મધુર સૂર સાથે અ.નિ. ડાહીબેન નારાયણભાઈ પટેલ (પોર) પ.ભ. નારાયણભાઈ ત્રિકમભાઈ પટેલ પરિવારના યજમાન પદે (ધજા, વાઘા, સોનાનું પદ્મ) થઈ હતી. હજારો હરિભક્તોએ કથામૃતપાન કર્યુ હતું. કલોલ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી યજ્ઞપ્રકાશદાસજી એ પણ સુંદર લાભ આપ્યો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ યજમાન પરિવાર અને સર્વ સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

છેલ્લે હજારો ભક્તજનોને સુંદર પ્રસાદ-ભોજન જમાડવામાં આવેલ. સમગ્ર સત્સંગ સભાનું સુંદર સંચાલન સ.ગુ. કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસજીએ શોભાવ્યું હતું. (કોઠારી સ્વામી, કાલુપુર મંદિર)

**અમદાવાદ કાલુપુર મંદિરમાં મારૂતિ યજ્ઞ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ અત્રે મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી તેમજ શ્રી હનુમાનજી મહારાજના પૂજારી પાર્ષદ મહાદેવ ભગતના સુંદર આયોજનથી ચૈત્ર સુદ-૧૫ શ્રી હનુમાન જયંતી પ્રસંગે ભવ્ય મારૂતિ યજ્ઞ સવારે ૭-૩૦ થી ૧૨ વાગ્યા સુધી ધામધૂમથી સંપન્ન થયો હતો. ૧૨ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મારૂતિયજ્ઞની પૂર્ણાહુતિની આરતી થઈ હતી. દાદાને ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ પ્રંસગના યજમાન અ.નિ. કાંતાબેન ચુનીલાલ સોની (પલીયડવાળા રાણીપ) આદિ પરિવારે લાભ લીધો હતો.

(કોઠારી સ્વામી, કાલુપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોટા (રાજ.) એવમ્ વિશ્રાંતિ ભૂવન પ્રથમ પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી હરિકૃષ્ણદાસજી (કોટા મહંતશ્રી)ની દિવ્ય પ્રેરણાથી અને પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર મંદિર)ની પ્રેરણાથી તેમજ અત્રે મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી એવમ્, સમસ્ત સત્સંગ સમાજ કોટાના સુંદર બેનમૂન આયોજનથી શ્રી નરનારાયણદેવ દેશ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર કોટા (રાજ.)નો પ્રથમ પાટોત્સવ ૫-એપ્રિલ ૨૦૨૪ થી ૭ એપ્રિલ દરમ્યાન વિવિધતા સભર દબદબા ભેર ઊજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં સ.ગુ. શા. સ્વા. માનસપ્રકાશદાસજીના સુમધુર કંઠે આપણી માતૃભાષા હિન્દીમાં શ્રીમદ્ ભાગવત અંતર્ગત દશમ સ્કંધ રાત્રીય જ્ઞાનયજ્ઞ કથાનું કોટાવાસીજનોએ કથામૃત પાન કરી ધન્ય બન્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, અમદાવાદ કાલુપુર મંદિરના પૂ. મહંત સ્વામી અને પાર્ષદ મંડળ સાથે કોટા ટ્રેન દ્વારા પધાર્યા હતા. કોટા મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક, અન્નકૂટ આરતી પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયા હતા. દર્શનાર્થીઓની શિસ્તબધ્ધ સભા જોઈને સૌ કોઈ આશ્ચર્યચકિત થયા હતા. અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી આદિ સંત મંડળે મનનીય પ્રવચન કર્યું હતું. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ પ્રસન્ન ચિત્તે અત્રેના નાના લાગતા પણ ખૂબજ જ્ઞાન સમજણ અને વિવેકબુદ્ધિવાળા મહંત સ્વામી અને કોટાવાસીઓ ઉપર ખૂબ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા.

સમગ્ર પ્રસંગનું હિન્દી ભાષામાં પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)એ સુંદર સભાપતિનું કાર્ય શોભાવ્યું હતું. ધામોધામથી સંતો અને હરિભક્તો પધાર્યા હતા. પ્રથમ પાટોત્સવ હતો છતાં પણ ખૂબ સુંદર આયોજન, વ્યવસ્થા અને શિસ્તના દર્શન સૌ કોઈને થયા.

(કોઠારી સ્વામી, કાલુપુર મંદિર)

**શ્રી સ્વામિનારાયણ કષ્ટભંજનદેવ મંદિર ન્યુ રાણીપ - શ્રી હનુમાન જયંતી અંતર્ગત શ્રી હનુમાન ચાલીસા કથા**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર મંદિર)ની પ્રેરણા માર્ગદર્શનથી અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશનું શ્રી સ્વામિનારાયણ કષ્ટભંજન દેવ મંદિર ન્યુ રાણીપ ખાતે તા. ૨૩-૪-૨૦૨૪ મંગળવાર ચૈત્ર સુદ-૧૫ શ્રી હનુમાન જયંતી મહોત્સવ અંતર્ગત શ્રી હનુમાન ચાલીસા કથા તા. ૧૮-૪-૨૦૨૪ થી તા. ૨૨-૪-૨૦૨૪ પર્યન્ત સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીના વક્તા પદે હજારો ભાવિક કથા પ્રેમીજનોએ કથાનું શ્રવણ-મનન કર્યું હતું. સમગ્ર આયોજન, કોઠારીશ્રી, ટ્રસ્ટી મંડળ, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા સમસ્ત સત્સંગ સમાજ ન્યુ રાણીપ દ્વારા સંપન્ન થયું હતું. કથાના મુખ્ય યજમાન પ.ભ. પટેલ પુરૂષોત્તમભાઈ ત્રિભોવનદાસ ભાવપુરા, હ. કે.પી. ઘનશ્યામભાઈ પિન્ટુભાઈ, પટેલ પ્રવિણભાઈ નટવરભાઈ સેડલા - વેદાંત - વાસ્વિ આદિ પરિવારે લાભ લીધો હતો. વિવિધ સેવામાં ઘણા હરિભક્તોએ યજમાન બની લાભ લીધો હતો. કથા પ્રસંગમાં ધામોધામથી સંતો, સાંખ્યયોગી માતાઓએ પધારીને કથાનો સુંદર લાભ લીધો હતો. સમગ્ર પ્રસંગનું કથાનું સભા સંચાલન સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી શ્રી વ્રજભૂષણદાસજીએ (ગાંધીનગર) શોભાવ્યું હતું.

(મહંત શા.સ્વા. વ્રજભૂષણદાસજી - ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર ૧૯૮ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી રેવતીજી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એવમ્ સમગ્ર ધર્મકુળના રૂડા આશીર્વાદથી તથા અત્રે જેતલપુર મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી જેતલપુર ધામમાં બિરાજમાન મહાપ્રતાપી શ્રી રેવતીજી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો ૧૯૮ મો પાટોત્સવ ફાગણ વદ-૮ તા. ૨-૪-૨૦૨૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રાતઃ ૬-૩૦ થી ૭ કલાકે ષોડશોપચાર મહાભિષેક

વેદવિધિસર સંપન્ન થયો. જેતલપુરના મહાપ્રસાદીભુત ઐતિહાસિક દેવ સરોવરને સરકાર દ્વારા સુંદર અદ્યતન બનાવવા માટે પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે પૂજન વિધિ આદિ વિધિપૂર્વક સંપન્ન થયું.

પ્રાસંગિક સભામાં પાટોત્સવના યજમાન અ.નિ. ચિમનભાઈ જીવાભાઈ પટેલ પરિવારનું પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સન્માન કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પાટોત્સવના ઉપલક્ષમાં શ્રીહરિયાગ, સત્સંગ સભા, અન્નકૂટ, મહાભિષેક, ધ્વજારોપણ આદિ ભવ્ય કાર્યક્રમ સંપન્ન થયા હતા. ધામોધામથી સંત-હરિભક્તો મોટી સંખ્યામાં પધાર્યા હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન સ.ગુ. મહંત શા. સ્વામી ભક્તિનંદનદાસજી (બાવળા)એ શોભાવ્યું હતું.

(મહંતશ્રી, કે.પી. સ્વામી - જેતલપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગામડી ૧૯૫ મો વાર્ષિક પાટોત્સવ બહેનોના મંદિરનો ૬ઠ્ઠો પાટોત્સવ**

શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી સ.ગુ. આનંદાનંદ સ્વામી દ્વારા નિર્મિત ગામડી ગામના શ્રી સ્વામિનારાયણ મંદિર (ભાઈઓનું) નો ૧૯૫ મો વાર્ષિક પાટોત્સવ અને બહેનોના મંદિરનો ૬ઠ્ઠો પાટોત્સવ તા. ૨૯-૪-૨૦૨૪ થી તા. ૧-૫-૨૦૨૪ દરમ્યાન ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં સ.ગુ. મહંત શા. સ્વા. ભક્તિનંદનદાસજી (બાવળા મહંતશ્રી)ના વક્તા પદે ચિન્હચિંતામણીની રાત્રીય કથા પારાયણમાં હજારો કથા પ્રેમીજનોએ કથામૃત પાન કર્યું હતું.

ગામડી ગામના શ્રધ્ધાળુ ધર્મપ્રેમી જનોએ યજમાન બની સુંદર લાભ લીધો હતો. તા. ૧-૫-૨૦૨૪ ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક-અન્નકૂટ આરતી ઉતારી સભામાં બિરાજમાન થઈ યજમાન પરિવાર અને સમસ્ત ગામને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સહિંતા પાઠમાં સ્વામી જનમંગલદાસજી (જેત.) બિરાજ્યા હતા. સભા સંચાલન સ.ગુ.બ્ર. સ્વામી હરિસ્વરૂપાનંદજી (કાલુપુર ટ્રસ્ટીશ્રી)એ કર્યું હતું. (મહંતશ્રી કે.પી. સ્વામી - જેતલપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પાટડી (બહેનોનું) ૨૫ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સાં. શાંતાબા, સાં. હંસાબા, સાં. રંજનબાની પ્રેરણાથી તથા પૂ. સ.ગુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી (મૂળી)ના સુંદર માર્ગદર્શનથી પાટડી બહેનોના મંદિરનો ૨૫ મો વાર્ષિક પાટોત્સવ તા. ૧૬-૨-૨૪ થી તા. ૨૨-૨-૨૪ દરમ્યાન ધામધૂમથી ઉજવાયો. રજત જયંતીના ઉપલક્ષમાં ૩૦ જેટલા ગામોના બહેનોએ સતત ૨૫ દિવસ રોજે રોજ ૧૨ કલાકની મહામંત્ર ધૂન કરી હતી.

શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ સંપ્રદાયના સુપ્રસિધ્ધ વિદ્વાન કથાકાર પૂ. શ્રીજી સ્વામીના વક્તાપદે સંગીતના મધુર સુરાવલી સાથે થઈ હતી. તા. ૧૯-૨-૨૦૨૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. પ.પૂ. મહારાજશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારી સભામાં સૌ ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પ.પૂ. ગાદીવાળાશ્રીએ બહેનો ઉપર ખૂબ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે ધામો ધામથી સંતો-સાંખ્યયોગી માતાઓ મોટી સંખ્યામાં પધાર્યા હતા. (કોઠારીશ્રી સ્વા. મંદિર પાટડી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ (પંચવટી) શ્રીરામ કથા**

શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી ગુરુપ્રસાદદાસજીની પ્રેરણાથી અને સ.ગુ. શા. આનંદપ્રસાદદાસજી, સર્વે સત્સંગ સમાજ શ્રી સ્વામિનારાયણ મંદિર પંચવટી કલોલના સુંદર આયોજનથી શ્રીરામ જન્મોત્સવ, શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, શ્રી હનુમાનજી જન્મોત્સવ અંતર્ગત શ્રીરામકથા સપ્તાહ પારાયણ તા. ૧૭-૪-૨૦૨૪ થી તા. ૨૩-૪-૨૦૨૪ પર્યન્ત સ.ગુ. શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજીના વક્તા પદે સંગીતની સૂરાવલી સાથે કલોલ ખાતે સંપન્ન થઈ હતી.

આ પ્રસંગે સભા સંચાલન સ.ગુ. શા. સ્વા. ઉત્તમચરણદાસજી અને શા. સ્વા. ગોપાલચરણદાસજી (કલોલ)એ શોભાવ્યું હતું.

શા.સ્વા. ભક્તિકિશોરદાસજી સહિંતા પાઠમાં બિરાજ્યા હતા. ધામોધામથી સંતો-હરિભક્તો પધાર્યા હતા. ઘણા હરિભક્તોએ યજમાન બની લાભ લીધો હતો.

(કોઠારીશ્રી - કલોલ પંચવટી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા ૨૪૩ મો શ્રી ઘનશ્યામ જન્મોત્સવ ઉજવાયો**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા મહંત સ્વામી

વિશ્વપ્રકાશદાસજી તથા સમગ્ર સત્સંગ સમાજ નારણપુરા ધામના સુંદર આયોજનથી અત્રે નારાયણપુરા મંદિર ખાતે રામનવમી શ્રીહરિ પ્રાગટ્યોત્સવ દિને તા. ૧૭-૪-૨૦૨૪ ના શ્રી ઘનશ્યામ મહારાજ સમક્ષ સાંજે ૪ થી રાત્રીના ૮ સુધી સાટાના અન્નકૂટ દર્શનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સાથે શ્રીહરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર અભિષેક વેદવિધિસર સંપન્ન થયો હતો.

ભવ્ય મારૂતિ યજ્ઞ : તા. ૨૩-૪-૨૦૨૪ ને મંગળવાર ચૈત્રી સુદ પૂનમના નારણપુરા મંદિર ખાતે ભવ્ય મારૂતિ યજ્ઞ સંપન્ન થયો. સવારે યજ્ઞ પ્રારંભ, સાંજે ૪ થી ૭ સુધી સુખડીના અન્નકૂટ દર્શન અને સાંજે ૬ કલાકે યજ્ઞની પૂર્ણાહુતિ થઈ હતી. નારણપુરા વિસ્તારના ધર્મપ્રેમી જનોએ દર્શનનો મહાલાભ લઈ ધન્ય બન્યા હતા.

(પાર્ષદ ક્રિષ્ણા ભગત - નારણપુરા મંદિર)

**નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર અલીણા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રૂડા આશીર્વાદથી તેમજ અ.નિ. સ.ગુ. ભંડારી દાદાશ્રી જાનકીવલ્લભદાસજી સ્વામી (પોરડા)ના દિવ્ય આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામીશ્રી ધર્મસ્વરૂપદાસજી તથા સમગ્ર સત્સંગ સમાજ શ્રી સ્વામિનારાયણ મંદિર અલીણા (તા. મહુધા, જી. ખેડા)ના સુંદર આયોજનથી તા. ૪-૪-૨૦૨૪ થી તા. ૬-૪-૨૪ પર્યન્ત અલીણા નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ કથા સંપ્રદાયના વિદ્વાન કથાકાર પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ)ના વક્તાપદે સંપન્ન થઈ હતી.

તા. ૬-૪-૨૦૨૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે નૂતન ભવ્ય હરિમંદિરમાં સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા વિધિવત રીતે સંપન્ન થઈ હતી.

ત્યારબાદ પ્રાસંગિક સભામાં મંદિર નિર્માણ કર્તા પૂ. ધર્મસ્વરૂપ સ્વામી અને સેવા કરનાર તમામ હરિભક્તોને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ગામના દેશ-વિદેશ રહેતા તમામ હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી શ્રીહરિ અને ધર્મકૂળનો રાજીપો મેળવ્યો હતો.

(શા. સ્વા. વાસુદેવચરણદાસ - પોરડા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર, સે-૨, ગાંધીનગર રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ**

શ્રી સ્વામિનારાયણ મંદિર, સે-૨, ગાંધીનગર વર્ષ-૨૦૨૪ માં ૨૫ વર્ષ પુરા થવા જઈ રહ્યા છે ત્યારે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળના રૂડા આશીર્વાદ અને આજ્ઞાથી તેમજ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદના પૂ.મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી અને ગાંધીનગર મંદિરના મહંત શ્રી વ્રજભૂષણદાસજીના માર્ગદર્શન હેઠળ ધાર્મિક તથા વિવિધ સામાજીક પ્રવૃત્તિઓ સમગ્ર વર્ષ દરમ્યાન ચાલી રહેલ છે. તેની આછેરી ઝલક નીચે મુજબ છે.

(૧) સ્વામિનારાયણ મહામંત્ર લેખન, વ્યક્તિગત ભજન ભક્તિના નિયમો, ખૂબ જ ભક્તિ ભાવ પૂર્વક ચાલી રહેલ છે.

(૨) વર્ષ દરમ્યાન ગાંધીનગરમાં જુદા જુદા વિસ્તારોમાં ‘‘કીર્તનભક્તિ’’ ૨૧, સભાઓ પૂર્ણ થઈ છે. તાજેતરમાં એપ્રિલ-૨૦૨૪માં કીર્તનસભા-૧૭ થી ૨૧ સુધીની ખુબ જ ધામધૂમથી આયોજન કરવામાં આવેલ હતું. દરેક સભામાં આશરે ૩૦૦ થી ૪૦૦ હરિભક્તોએ લાભ લીધો હતો અને આવનાર સમયમાં કીર્તનસભા-૨૨ થી ૨૫ પણ ઉજવવામાં આવનાર છે.

(૩) તા.૧૪-૦૪-૨૦૨૪ ને રવિવારના રોજ ‘‘સફાઈ અભિયાન’’ કાર્યક્રમ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ મંદિર, સે-૨ સંકુલમાં ખૂબ જ જોરશોરથી સફાઈની સેવા હરિભક્તો દ્વારા હાથ ધરવામાં આવી હતી. સંપૂર્ણ દિવસ દરમ્યાન ૫૦ જેટલા હરિભક્તો એ ખૂબ જ સુંદર સેવા કરી હતી.

(૪) ‘‘કેન્સર જાગૃતિ અભિયાન’’ : કેન્સર હોસ્પિટલ, અમદાવાદ ના સહયોગથી તા. ૦૬/૦૧/૨૦૨૪ના રોજ આપણા મંદિરમાં ‘‘કેન્સર જાગૃતિ અભિયાન’’ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ૧૦૦ જેટલા બહેનોની તપાસ કરવામાં આવી હતી અને કેન્સર તથા સ્ત્રીરોગો અંગે જાગૃતિ કેળવવા ખાસ વિશેષ ધ્યાન આપવામાં આવેલ હતુ. જેમાં બે બહેનોને કેન્સરના લક્ષણો જણાતા, તેમની સારવાર અને ફોલોઅપ પણ મંદિર દ્વારા કરાવવામાં આવે છે.

(૫) ‘‘ફીઝીયોથેરાપી કેમ્પ’’ : આપણા હરિભક્ત ડૉ. સુનીલભાઈ પટેલ દ્વારા ‘‘હેલ્થ ફોકસ ફીઝીયોથેરાપી સેન્ટર’’ના નેજા હેઠળ – તા. ૦૭/૦૪/૨૦૨૪ ના રોજ ફીઝીયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. હતું. કેમ્પમાં ૧૨૫ જેટલા પેશન્ટો દ્વારા લાભ લેવામાં આવ્યો હતો. તેમને કસરતો, સમજૂતી, જરૂરી સારવાર પણ પુરી પાડવામાં આવી હતી.

(૬) ‘‘આયુર્વેદિક નિદાન કેમ્પ’’ : શ્રી હરિ આયુર્વેદાશ્રમના વૈદ્ય સમીરભાઈ બી. દવે દ્વારા મંદિરમાં તા.૨૮-૦૪-૨૦૨૪ ને રવિવારના રોજ આર્યુવૈદિક નિદાન

કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ૧૫૦ જેટલા જુદી જુદી આરોગ્યલક્ષી સમસ્યાવાળા દર્દીઓ એ કેમ્પનો લાભ લીધેલ હતો. દરેક દર્દીઓની તપાસ તથા જરૂરી દવાઓ વિનામુલ્યે આપવામાં આવી હતી. ડૉ. સમીરભાઈ દ્વારા સંપૂર્ણ માર્ગદર્શન પૂરુ પાડવામાં આવેલ હતું.

(૭) ''પ્રથમ સત્સંગસભા'' : તા.૨૭/૦૪/૨૦૨૪ ને શનિવારના રોજ રાયસણ, રાંદેસણ, ધોળાકુવા, પીડીપીયુ અને કોબાના સ્થાનિક હરિભકતો દ્વારા સૌ પ્રથમ સત્સંગસભાનું રાત્રે ૯ થી ૧૦:૩૦ સુધી આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદના મહંત શ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજી તથા સંતોએ સભામાં પધારી અને સત્સંગ, કીર્તન ભક્તિનો લાભ આપ્યો હતો. આજની સભામાં આશરે ૩૫૦ જેટલા હરિભકતો એ ખૂબ જ ભક્તિભાવથી લાભ લીધો હતો.

શ્રી સ્વામિનારાયણ મંદિર, સે-૨, ગાંધીનગરના રજત જયંતી મહોત્સવ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓમાં સિનિયર સીટીઝન મંડળ, યુવક મંડળ અને મહિલા મંડળના સર્વે સભ્યો તન, મન, ધનથી ઉત્સાહપૂર્વક સેવા કરી રહેલ છે અને સમગ્ર પ્રવૃતિઓમાં શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર અમદાવાદના પૂજય મહંત સ્વામી પી.પી. સ્વામીએ હાજર રહી માર્ગદર્શન આપેલ.

(બિપીનભાઈ પટેલ સેકટર-૨, ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની ૬ઠ્ઠા પાટોત્સવ પ્રસંગે શ્રીમદ્ ભાગવત પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની સત્સંગ સમાજ, શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સુંદર આયોજનથી તા. ૨૯-૪-૨૦૨૪ થી તા. ૫-૫-૨૦૨૪ પર્યન્ત હર્ષદ કોલોની મંદિરના ૬ઠ્ઠા પાટોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત રાત્રીય સપ્તાહ પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી સત્યસંકલ્પદાસજી (નારણઘાટ મંદિર મહંતશ્રી)ના વક્તાપદે થઈ હતી.

આ પ્રસંગે સમૂહ મહાપૂજા, અન્નકૂટ, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, રૂક્ષ્મણી વિવાહ આદિ કાર્યક્રમ થયા હતા. તા. ૫-૫-૨૦૨૪ ના પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને સર્વે સેવા કરનાર ભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી ખાસ પધાર્યા હતા. ધામોધામથી સંતોએ પધારી અમૃત વાણીનો લાભ આપ્યો હતો.

સભાનું સંચાલન પૂ. શાસ્ત્રી સ્વામી વ્રજવલ્લભદાસજી એ શોભાવ્યું હતું. (ગાંધીનગર સે-૨) (કોઠારીશ્રી હર્ષદકોલોની મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાશીન્દ્રા ૧૨૪ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાશીન્દ્રાનો ૧૨૪ મો પાટોત્સવ તા. ૩-૪-૨૦૨૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયો હતો. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (કોઠારીશ્રી કનુભાઈ પટેલ, ઘનશ્યામભાઈ પટેલ - કાશીન્દ્રા)

●

પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ સહ પ્રેરણાથી તથા પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી બાપુપુરા ખાતે કથા પ્રસંગે પ.ભ. કાંતિભાઈ ચૌધરી (પંડિત)ના સૌજન્યથી શ્રી સ્વામિનારાયણ માસિકના ૨૩ જેટલા આજીવન સભ્યો બન્યા હતા. (ભરતભાઈ રામાભાઈ ચૌધરી, નારાયણભાઈ ચૌધરી -બાલવા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર ૧૮૩ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર)ની પ્રેરણાથી તેમજ બાલાસિનોર સમસ્ત સત્સંગ સમાજ અને કોઠારીશ્રીના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર (ભાઈઓનું) બાલાસિનોરનો ૧૮૩ મો વાર્ષિક પાટોત્સવ એવમ્ બહેનોના મંદિરનો ૯ મો વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૪-૪-૨૦૨૪ થી તા. ૬-૪-૨૦૨૪ દરમ્યાન સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત ચિન્હ ચિંતામણી ત્રિદિનાત્મક પારાયણ સ.ગુ. શા. સ્વા. ભક્તિનંદનદાસજી (બાવળા મહંતશ્રી)ના વક્તાપદે ધામધૂમથી સંપન્ન થઈ હતી. ગામના તમામ હરિભક્તોએ સુંદર સેવા કરી હતી. સભા સંચાલન મહંત સ્વામી વિશ્વપ્રકાશદાસજી (નારણપુરા, મથુરા)એ શોભાવ્યું હતું.

(કોઠારીશ્રી બાલાસિનોર મંદિર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ચાંદખેડા ૬૨ મો વાર્ષિક પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ કાલુપુર મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી ની પ્રેરણાથી તેમજ પ.ભ. અમૃતલાલ મરઘાભાઈ પટેલ પરિવાર તેમજ ચાંદખેડા સત્સંગ સમાજના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ચાંદખેડાના ૬૨ માં વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ ચંપાન્હ પારાયણ તા. ૨૬-૪-૨૦૨૪ થી ૩૦-૪-૨૦૨૪ પર્યન્ત રાત્રીના સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી યજ્ઞપ્રકાશદાસજી (કલોલ મંદિર)ના વક્તાપદે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે ધામોધામથી સંતો પધાર્યા હતા. સુંદર સભા સંચાલન મહંત શા. સ્વામી દેવપ્રકાશદાસજી (ઉનાવા)એ શોભાવ્યું હતું. કથામાં આવતા પ્રસંગો ખૂબજ ધામધૂમથી ઉજવાયા હતા. (કોઠારીશ્રી ચાંદખેડા)

### ધરમપુર (ખાખરીયા) શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ સપ્તાહ પારાયણ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અ.નિ. સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, અ.નિ. સ.ગુ. સ્વા. સ્વયંપ્રકાશદાસજીની દિવ્ય પ્રેરણાથી તથા સ.ગુ. શા. સ્વા. આનંદપ્રિયદાસજી અને બાળકૃષ્ણ સ્વામીના સુંદર માર્ગદર્શનથી શ્રી ધરમપુર ગામે સત્સંગી સમસ્તના સુંદર આયોજનથી તા. ૨૩-૪-૨૦૨૪ થી તા. ૨૭-૪-૨૦૨૪ પર્યન્ત શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પંચાન્હ રાત્રીય પારાયણ શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીના વક્તાપદે થઈ હતી.

આ ઉત્સવ પ્રસંગમાં પ.ભ. બાબુલાલ કરશનદાસ પટેલ પરિવારે કથાના મુખ્ય યજમાનનો લાભ લીધો હતો તેમજ ગામના તમામ હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી હતી.

તા. ૨૭-૪-૨૦૨૪ ના પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. અને સૌ ભક્તજનો ઉપર રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી ખાસ પધાર્યા હતા. (કોઠારીશ્રી ધરમપુર મંદિર)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### છત્રીયાળા ગામે (તા. ચૂડા) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા

મૂળી ધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. શા. સ્વામી ભક્તિનંદનદાસજી (મૂળી)ની પ્રેરણાથી મૂળી પ્રદેશના છત્રીયાળા ગામે (તા. ચૂડા) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૨-૪-૨૦૨૪ થી તા. ૧૮-૪-૨૦૨૪ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ શાસ્ત્રી સ્વામી ભક્તિનંદનદાસજીના વકતાપદે થઈ હતી.

તા. ૧૮-૪-૨૦૨૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી સંપન્ન થઈ હતી. ત્યારબાદ યજ્ઞ અને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી સભામાં વિરાજમાન થઈ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે બહેનોને દર્શન આશીર્વાદ આપવા સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી ખાસ પધારવાના હતા પરંતુ નાદુરસ્ત તબીયતને કારણે પધાર્યા નથી. સ્પેશ્યલ પ્રોગ્રામ કરી પધારશે તેવું પ.પૂ. મહારાજશ્રીએ ખાસ કહ્યું હતું. આ પ્રસંગમાં ગામના તમામ હરિભક્તોએ તન, મન, ધનથી સેવા કરી હતી. મૂળીથી પૂ. કૃષ્ણવલ્લભ સ્વામી, સ્વામી ધર્મવલ્લભદાસજી, પૂજારી પ્રેમવલ્લભ સ્વામી આદિ સંતો પધાર્યા હતા. પ.ભ. માવજી ભગતે (યાત્રાવાળા) સુંદર પ્રેરણારૂપ સેવા બજાવી હતી.

(પ્રતિ. અનિલ દુધરેજીયા - ધ્રાંગધ્રા)

## વિદેશ સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર, લૂઈસવીલ, કંટકી, યુ.એસ.એ. શ્રીમદ્ રામચરિત્ર માનસ કથા

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ તેમજ પૂ.સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (મહંતશ્રી કાલુપુર મંદિર)ની પ્રેરણાથી સંપ્રદાયના સુપ્રસિદ્ધ કથાકાર પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીના માર્ગદર્શન અને વક્તા પદે ''શ્રીમદ્ રામચરિત્ર માનસ'' કથા સંપન્ન થઈ હતી. પૂ. સ્વામીશ્રીએ તેઓની ખૂબ સુંદર અને સાત્વિક શૈલીમાં પાંચ પાંચ દિવસ સુધી લૂઈસવીલ અને આજુબાજુના ટાઉનમાંથી મોટી સંખ્યામાં પધારેલા ધર્મપ્રેમી હરિભક્તોને ખૂબ સુંદર કથાનું રસપાન કરાવ્યું હતુ. કથામાં આવતો પ્રસંગ ''શિવ-પાર્વતી વિવાહ'' ખૂબ ધામધૂમથી ઉજવાયા. કથામાં આઈ.એસ.એસ.ઓ. ના બીજા મંદિરોમાંથી પધારેલા પૂજનીય સંતોએ આશીર્વાદ આપેલ. કથાનું આયોજન અને સભા સંચાલન નિજ મંદિરના પૂ. મહંત પાર્ષદ વર્ય મહેન્દ્ર ભગતે ખૂબ સુંદર રીતે સંભાળેલ.

(રમેશભાઈ જી. પટેલ - લુઈસવીલ)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**ફાગણ સુદ-૧** પ.ભ. અ.નિ. જસુબા જયદેવભાઈ બ્રહ્મભટ્ટ, પ.ભ. અ.નિ. ભાસ્કરભાઈ બ્રહ્મભટ્ટ (અમદાવાદ), પ.ભ.અ.નિ. નગીનભાઈ હરજીવનદાસ શેઠ (બાવળા), પ.ભ.અ.નિ. વર્ષાબેન નવીનચંદ્ર પાઠકના સ્મરણાર્થે (અમદાવાદ), પ.ભ. અ.નિ. વિશ્રામ દેવજી પિંડોરીયા (સરલી-કચ્છ). **ફાગણ સુદ-૨/૩** પ.ભ. અ.નિ. જસુબા જયદેવભાઈ બ્રહ્મભટ્ટ, અ.નિ. ભાસ્કરભાઈ બ્રહ્મભટ્ટ (અમદાવાદ). **ફાગણ સુદ-૪** પ.ભ. રોનક ભીખાભાઈ પટેલ (ધમાસણા), પ.ભ. અશ્વિનભાઈ પી. શિરોયા (અમદાવાદ), પ.ભ. ચાંદનીબેન તથા ઈલાબેન (કરીયાણા). **ફાગણ સુદ-૫** પ.ભ. અ.નિ. લાલજી કરશન હિરાણી (મિરઝાપર-કચ્છ), પ.ભ. નરસિંહભાઈ આંબાભાઈ હિરપરા (સુરત), પ.ભ. પાયલ તથા જયેશ હિરાણી (ભુજ-કચ્છ). **ફાગણ સુદ-૬** પ.ભ. શિવજી લાલજી હિરાણી (ફોટડી-કચ્છ). **ફાગણ સુદ-૭** પ.ભ. ઉર્વિસ નરેશકુમાર ભાવસાર (અમદાવાદ), પ.ભ. અ.નિ. ભોળાભાઈ મગનભાઈ (અમદાવાદ). **ફાગણ સુદ-૮** પ.ભ. અ.નિ. જસુભાઈ રાવજીભાઈ અમીન (દહેગામવાળા), પ.ભ. રોહિતભાઈ પ્રહલાદભાઈ પટેલ (ભાઉપુરા), પ.ભ. કાર્તિજ અંબાલાલભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ભાનુભાઈ વેલજીભાઈ ટાંક (રાજકોટ). **ફાગણ સુદ-૯** પ.ભ. પટેલ જ્યોત્સનાબેન ભીખાભાઈ (વડુ), પ.ભ. મનીષાબેન રમણભાઈ પટેલ (અમદાવાદ). **ફાગણ સુદ-૧૦** પ.ભ. સૌરભ મહેશભાઈ પટેલ (લાલોડા). **ફાગણ સુદ-૧૧** પ.ભ. રાવજી જી. હાલાઈ (કુંદનપર-કચ્છ). **ફાગણ સુદ-૧૨** પ.ભ. મનજી શિવજી હિરાણી (નારણપર-કચ્છ), શ્રી ઘનશ્યામ યુવક મંડળ (અમદાવાદ), પ.ભ. દુધાત બાવચંદભાઈ દેવજીભાઈ (અમદાવાદ), પ.ભ. કૃષ્ણકુમાર વાડીલાલ પટેલ (સંતરામપુર), પ.ભ. સુનીલભાઈ ઈશ્વરભાઈ પટેલ (રાણીપ), પ.ભ. મનજી વિશ્રામ વરસાણી (બળદીયા-કચ્છ), પ.ભ. ધ.પ. કેશરબેન, નારણભાઈ, કાંતિભાઈ, પ.ભ. મોનાબેન નવીનચંદ્ર પટેલ (અમદાવાદ). **ફાગણ સુદ-૧૩** હરિૐ ચિંતનભાઈ શાહ )મુંબઈ), પ.ભ. અ.નિ. આનંદપ્રસાદ છોટાલાલ રાવ (અમદાવાદ), પ.ભ. ટિંકલબેન રાજેન્દ્રકુમાર પટેલ (ગોતા), પ.ભ. નટવરભાઈ ગિરધરભાઈ પટેલ (વિસતપુરા). **ફાગણ સુદ-૧૪** પ.ભ. નયનાબેન રાજેન્દ્રભાઈ ભાવસાર (પેથાપુર), પ.ભ. જગદીશચંદ્ર રતિલાલ પટેલ (ધરમપુર), પ.ભ. અ.નિ. માવજીભાઈ કે. પટેલ (નેત્રા-કચ્છ), પ.ભ. લક્ષ્મણભાઈ (કડી). **ફાગણ સુદ-૧૫** પ.ભ. ડેની અંબાલાલ પટેલ (પલીયડ), પ.ભ. વૈદેહીબેન પાર્થભાઈ ત્રિવેદી (પર્થ), પ.ભ. શક્તિ પટેલ - પ્રગતિબેન મહેન્દ્રભાઈ (અમદાવાદ), પ.ભ. વનીષાબેન કાંતિભાઈ હાલાઈ (કેરા-કચ્છ), પ.ભ. અ.નિ. શકુંતલાબેન બંસીલાલ પટેલ (મેતપુર), પ.ભ. મંજુરીબેન સોની (મુંબઈ), પ.ભ. મંજુલાબેન વિક્રમભાઈ પટેલ (ઝુંડાલ).

**ફાગણ વદ-૧** પ.ભ. અ.નિ. હિરબાઈ શિવજી વસાણી (કોડકી-કચ્છ), પ.ભ. કલ્પના રમેશચંદ્ર ભટ્ટ (અમદાવાદ). **ફાગણ વદ-૨** પ.ભ. અ.નિ. નારણ લાલજી હાલાઈ (કોડકી-કચ્છ), પ.ભ. અ.નિ. મગનભાઈ વી. પટેલ (ધંધુકા). પ.ભ. ઉષાબેન પ્રકાશભાઈ પટેલ (અમદાવાદ). **ફાગણ વદ-૩** પ.ભ. વનિતાબેન જીતેન્દ્રભાઈ પટેલ (અમદાવાદ). **ફાગણ વદ-૪** પ.ભ. ગોવિંદ કાનજી હિરાણી (કોડકી-કચ્છ), પ.ભ. શારદાબેન પોપટલાલ પટેલ (ઉંઝા), પ.ભ. આશિષભાઈ - નિષિતભાઈ બ્રહ્મભટ્ટ (અમદાવાદ), પ.ભ. મંજુલાબેન વિષ્ણુભાઈ પટેલ (ઉંઝા), પ.ભ. રૂપેશભાઈ રમેશભાઈ જોગાણી (અમદાવાદ), પ.ભ. અ.નિ. સુભદ્રાબેન એ. પટેલ (અમદાવાદ). **ફાગણ વદ-૫** પ.ભ. અ.નિ. પ્રેમજી હરજી કેરાઈ (કોડકી-કચ્છ). **ફાગણ વદ-૬** મરતોલી ગામ પગપાળા સંઘ, પ.ભ. અ.નિ. કમુબેન ત્રિકમભાઈ પટેલ (વડુ), પ.ભ. કોકીલાબેન જયંતીલાલ પટેલ (ડાંગરવા), પ.ભ. આયુષ પંકજભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. પ્રકાશભાઈ કેશવભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અ.નિ. ડૉ. પાર્થ ગીરીશભાઈ પટેલ (લવારપુર), પ.ભ. અ.નિ. રાધાબાઈ હરજીભાઈ વરસાણી (ભારાસર-કચ્છ). **ફાગણ વદ-૭** પ.ભ. અ.નિ. વેલબાઈ હરજી વરસાણી (સુખપર-કચ્છ), પ.ભ. રમેશચંદ્ર રણછોડલાલ પટેલ (ડિંગુચા). **ફાગણ વદ-૮** પ.ભ. શિવજી રત્ના પાધરા (સુખપર-કચ્છ), પ.ભ. કૌશિકાબેન તથા હરેશકુમાર શાહ (અમદાવાદ). **ફાગણ વદ-૯** પ.ભ. અ.નિ. રત્ના હરજી પાધરા (સુખપર-કચ્છ). **ફાગણ વદ-૧૦** પ.ભ. શ્રેય દર્શન પટેલ (અમદાવાદ), પ.ભ. કિનલબેન અશ્વિનભાઈ પીપળવા (રાજકોટ). **ફાગણ વદ-૧૨** પ.ભ. અ.નિ. શિવજી દેવજી હિરાણી (માંડવી-ગોધરા-કચ્છ), પ.ભ. અ.નિ. પ્રભુદાસ કુવરજીભાઈ સોની (અમદાવાદ), પ.ભ. ઘનશ્યામભાઈ મોરચંદદાસ પટેલ (ડાંગરવા), પ.ભ. શૈલેષભાઈ બી. ભાવસાર (અમદાવાદ), પ.ભ. નિલેશભાઈ મહાદેવભાઈ પટેલ (ગોતા), પ.ભ. અ.નિ. સોમીબેન પી. ભાવસાર (વડનગર) **ફાગણ વદ-૧૩/૧૪** પ.ભ. ડૉ. ગર્ગ ભોગીલાલ શુકલ (અમદાવાદ), પ.ભ. અશોકભાઈ પી. પ્રજાપતિ (ગાંધીનગર), પ.ભ. જયંતિલાલ ચુનીલાલ પંચાલ (અમદાવાદ), પ.ભ. તુલસીબેન નરસીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. વેલજી વિશ્રામ (કેરા-કચ્છ). **ફાગણ વદ-૩૦** પ.ભ. ગોપાલભાઈ રવજીભાઈ વેકરીયા (માંડવી-કચ્છ), પ.ભ. અ.નિ. સુશીલાબેન ભરતભાઈ પટેલ (ડાંગરવા), પ.ભ. અ.નિ. નારણ ભીમજી કેરાઈ (નારણપર-કચ્છ), પ.ભ. અ.નિ. કાનબાઈ વિરજીભાઈ હિરાણી (માંડવી-કચ્છ), પ.ભ. ઉમંગ ભીમજી કરશનભાઈ જેસાણી (બળદીયા-કચ્છ), પ.ભ. ગીરીશભાઈ પટેલ (અમદાવાદ).

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
**Editor :** Shastri Swami Purushottamprakashdasji





છત્રીયાળા (મૂળી પ્રદેશ) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી







અલીણા (મહુધા) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



વેકરા (કચ્છ) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી





સૂરજપુર(કચ્છ) મંદિરના પાટોત્સવ પ્રસંગે સભામાં
આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી
સાથે ભુજ મંદિરનું સંત મંડળ

**Registered under RNI is - GUJ GUJ/2007/20221 "Permitted to post at Ahd.PSO on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO's License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026**




## અમદાવાદ મંદિરમાં રામનવમીના સમૈયાની ભવ્ય ઉજવણી